જુલાઈ-૨૦૨૪

# પેન્શનર્સ પ્રકાશ

Dear friends,

The symbolism of July speaks of boldness, regality and outdoor adventures; joy, contentment and a great deal of fun in the sun.The monsoon brings much relief from the heat of the summer months and brings cheer to the farming community, who look forward to start their sowing operations.There is greenery all aroundwhich recharges us emotionally and spiritually.

For the employees and retirees of SBI, the first day of the month of July brings a sense of celebration and joy! The State Bank of Indiawas formed on 1st July 1955 by an act of Parliament generally known as the State Bank of IndiaAct. Ever since,SBI has grown internationally and geographically in terms of its size and reach and has kept transforming itself with its adaptability and ability to face the challenges of an ever-changing world. The organisation'sdeep rooted culture of service turns every new business initiative into a goldmine, earning it a place in the Fortune Global 500 list.

We all have been lucky to be a part of this mighty organisation and have been cogs in its wheel of growth. In terms of the facilities offered to us (some of which we continue to avail even post retirement like Holiday Homes, Bank's Dispensaries etc.),the Bank's record is unparalleled in the history of any employers in India. Apart from these, the Bank has given to all of us a dignified life after our retirement and also a platform where we can discuss our welfare and continue to seek further improvements. We, as pensioners of the bank, have a feeling of security thatthe bank will continue to take care of our surviving spouse after us, so that s/he can continue to lead a dignified life. What we and our family are,is because of such a caring organisation.

This is the time to express our sincere gratitude to SBI and its present Management and employees and wish them well in their efforts to take the organisation to greater heights. Long live SBI.

Of late, a few cases of fraudulent cyber arrest, also known as "cyber extortion" or "police ransomware," have been reported in Gujarat. The easy targets of the fraudsters are senior citizens and women. It is necessary for all of us to know what is the modus operandi of such fraudsters.

Cyber arrest is a type of online scam where attackers gain access to a victim's device or data and pretend to be law enforcement or a government agency. They claim that the victim has committed a cybercrime and must pay a fine or face legal consequences.

**The scam may involve:**

1. Fake warnings or alerts that appear to be from a legitimate authority.
2. Claims of having evidence of illegal activities on the victim's device.
3. Demands for payment in exchange for "forgiveness" or to "unlock" the device.

The goal is to deceive victims into paying the scammer or revealing sensitive information. It's essential to recognize the signs of a

વર્ષ-૧૭ ● અંક : ૭
પ્રતિ અંક છૂટક કિંમત રૂ.૧૦/-
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૦/-

પ્રકાશન સ્થળ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન
એસબીઆઈ ઝોનલ ઓફિસ, ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

fraudulent cyber arrest and not fall prey to these tactics:

- Be cautious of unsolicited messages or alerts that create a sense of urgency.
- Verify the authenticity of the communication by contacting the relevant authorities directly.
- Never pay fines or provide personal information without proper validation.
- Keep software and security up to date to protect against malware and other cyber threats.

(Inputs from Meta AI also)

**Kamal Kadri - Editor**

---

## આપણી માતૃસંસ્થા સ્ટેટ બેંકને કોટિ કોટિ વંદન :

પ્રિય મિત્રો,

આપની સમક્ષ જુલાઈ મહિનાની મહત્તા, અગત્યતા રજુ કરી રહ્યો છું. જુલાઈ મહિનો એટલે નીડરતા, શાબ્દિકતા અને હરવા ફરવાની સાથે સાહસો માટે પ્રતિકારાત્મક વાત લઈને આવે છે; જુલાઈ મહિનામાં ચોમાસું ખૂબ જ સક્રિય થવાથી, તે ઉનાળાની ગરમીથી ઘણી રાહત આપે છે અને ખેડૂતોને હૈયે હરખની હેલી લાવે છે. તેઓ આ મહિનાથી તેમની વાવણીની કામગીરી શરૂ કરે છે. વરસાદને કારણે આપણે, આપણી આજુબાજુ હરિયાળી જોઈએ છીએ જે આપણને ભાવનાત્મક અને આધ્યાત્મિક રીતે પ્રોત્સાહિત કરે છે.

SBIના કર્મચારીઓ અને પેન્શનરો માટે ૧લી જુલાઈનો દિવસ ઉજવણી અને આનંદની લાગણી લઈને આવે છે! હા, પ્રેસિડેન્સી બેંકોના વિલીનીકરણ પછી - જેમાંથી પ્રથમ ૧૮૦૬માં સ્થપાઈ હતી, જેનું ૧૯૨૧માં ઇમ્પીરીયલ બેંક ઓફ ઈન્ડિયામાં, તબદીલ થઈ, ઇમ્પીરીયલ બેંક તે સમયે પણ વિશાળ નેટવર્ક સાથે દેશમાં તેના દબદબા સાથે બેંકિંગનો વારસો જાળવી રાખ્યો હતો. વાસ્તવમાં, RBI એક્ટ ૧૯૩૪ હેઠળ RBIની રચના થઈ ત્યાં સુધી, મોટા ભાગના નિયમનકારી કાર્યો જેવા કે ચલણી નોટોના પ્રિન્ટિંગ વગેરે સહિત - IBI દ્વારા કરવામાં આવતા હતા. ભારત આઝાદ થયાના ૭ વર્ષ પછી, તત્કાલીન સરકાર દ્વારા વધુ એક કાયદો લાવવામાં આવ્યો અને તે સામાન્ય રીતે SBI એક્ટ તરીકે ઓળખાય છે. સંસદના અધિનિયમ હેઠળ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા આંતરરાષ્ટ્રીય અને ભૌગોલિક રીતે વિકસીત રહી છે અને દુનિયાના સતત બદલાતા પડકારોનો સામનો કરવાની તેની અનુકૂલનક્ષમતા સાથે પોતાને બદલતી રહી છે. આપણી સંસ્થાએ તેની આગવી ઓળખ ઉભી કરીને એક સંસ્કૃતિ વિકસાવી છે જે એટલી ઊંડી છે કે SBI જે પણ નવી વ્યવસાયિક પહેલ કરે છે તે હંમેશા સોનાની ખાણમાં ફેરવાય છે અને તમામ હિસ્સેદારો માટે મૂલ્ય વૃદ્ધિ કરે છે. આપણી બેંકના નવા બિઝનેસ પહેલના કેટલાક ઉલ્લખનીય ઉદાહરણો SBI કેપ્સ, SBI MF, SBI LIFE, SBI GENERAL, SBI પેન્શન ફંડ વગેરે છે. બેંક વિદેશમાં કર્મચારીઓને પોસ્ટીંગના સ્વરૂપમાં પરસ્પર દેશની સાંસ્કૃતિક ઓળખની તકો સહિત તમામ સ્તરે શીખવાની ઘણી તકો સાથે કારકિર્દીની પ્રગતિ પણ પ્રદાન કરે છે. અથવા વિદેશી ભાગીદારો સાથે સબસીડિયરી કંપનીઓમાં ડેપ્યુટેશન પર મોકલી કર્મચારીઓ અને અધિકારીઓને આગળ વધવા માટે તકો પુરી પાડે છે.

આપણે સૌ ભાગ્યશાળી છીએ કે આપણે આ સંસ્થાના સેવારત અને નિવૃત્ત કર્મચારીઓની રૂએ સહભાગી બનીએ છીએ અને તેને વર્તમાન ઉંચાઈએ લઈ જઈએ છીએ. જ્યાંથી આપણે સહુએ આપણીસફર શરૂ કરી અને આપણા નિવૃત્તિના દિવસો દરમ્યાન આપણને આપવામાં આવતી તમામ સુવિધાઓના સંદર્ભમાં (જેમાંથી કેટલીક સુવિધા નિવૃત્તિ પછી પણ પ્રાપ્ત કરવાનું ચાલુ રાખીએ છીએ જેમ કે હોલિડે હોમ્સ, બેંકના દવાખાનાઓમાં અપાતી દવાઓ વગેરે). ભારતમાં કોઈપણ નોકરીદાતાઓના ઇતિહાસમાં આપણી બેંકનો રેકોર્ડ ઉત્તમ અને બેજોડ છે. આટલી સારી સગવડો સાથે, બેંકે આપણને નિવૃત્તિ પછીનું જીવન પણ ગૌરવપૂર્ણ રીતે પસાર કરી શકીએ તેનું ધ્યાન રાખ્યું છે અને એક મંચ પણ છે જ્યાં આપણે આપણા કલ્યાણની ચર્ચા કરી શકીએ અને વધુ સુધારાઓ સાથે સાથે લાભો મેળવવાના ચાલુ રાખી શકીએ, પરિવારના વડા તરીકે, આપણે સુરક્ષિતતાની લાગણી અનુભવીએ છીએ કે જ્યારે આપણી હયાતી નહીં હોય, ત્યારે પણ બેંક આપણા હયાત જીવનસાથીની સંભાળ રાખવાનું ચાલુ રાખે છે. જેથી તે/તેઓ સન્માનપૂર્વક જીવન જીવી શકે. આપણી આપણા કુટુંબની અત્યારની સુખદ સ્થિતિ આપણી બેંકને કારણે છે.

આ સમય છે એસબીઆઈ અને બેંકની મેનેજમેન્ટ અને કર્મચારીઓ પ્રત્યે આપણી નિષ્ઠાપૂર્વક કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો છે અને સંસ્થાને વધુ ઉંચાઈઓ પર લઈ જવાના તેમના પ્રયત્નોમાં તેમને સહકાર આપવા સાથે અગણિત શુભેચ્છાઓ પાઠવીએ છીએ. એસબીઆઈ ઝિંદાબાદ... ઝિંદાબાદ... ઝિંદાબાદ...

**કમાલ કાદરી - સંપાદક**

# -: સમાધાન પખવાડા :-

## ગાંધીનગર-એલએચઓ ખાતે સમાધાન પખવાડાની મિટીંગ




તા. ૨૦-૦૬-૨૦૨૪ના રોજ પેન્શનર્સ મિત્રોના વણઉકલ્યા પ્રશ્નો માટે એસબીઆઈ કોર્પોરેટ સેન્ટર દ્વારા સમાધાન પખવાડાનું આયોજન કરવામાં આવ્યું. એસબીઆઇ ગાંધીનગર સર્કલમાં તમામ એડમિન ઓફિસ ખાતે તેમજ લોકલ હેડ ઓફિસ ગિફ્ટ સીટી,ગાંધીનગર ખાતે સમાધાન પખવાડાનું આયોજન કરવામાં આવેલ. ગાંધીનગર ખાતે સમાધાન પખવાડામાં મેનેજમેન્ટ તરફથી સીડીઓ શ્રી વિક્રમ ઝા સાહેબ, એજીએમ-પીપીજી શ્રી સુબ્રતો રંજનદાસ, એસબીઆઈપીએના પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, ડીજીએસ ગાંધીનગર મોડ્યુલ શ્રી વસ્તાભાઈ વણકર, કમિટી સભ્ય સર્વશ્રી જિકેશ પટેલ, એ. કે.બથવાર, રેખાબેન નિખારે, લલીથા ઐય્યર સાથે પેરેમાઉન્ટ ટીપીએના અધિકારી, આનંદ રાઠીમાંથી શ્રી કૃપાલ ભટ્ટ, યુ-આર લાઈફના અધિકારી હાજર રહીને ઉદ્‌ભવેલ પ્રશ્નોના સંતોષકારક જવાબ આપેલ.







**એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી અને ટીમ સમાધાન પખવાડામાં ભાગ લેવા એલએચઓ-ગાંધીનગર ખાતે ઉપસ્થિત થયેલ ત્યારે સીજીએમ તરીકે ગાંધીનગર એલએચઓ ખાતે કાર્યભાર સંભાળ્યા બાદની સીજીએમ શ્રી હેમંત કરોલીયાજીની મુલાકાત સમયે તેમનું બહુમાન કરી શુભેચ્છાઓ પાઠવી તેની બોલતી તસવીર.**

---

## અમદાવાદ એડમિન ઓફિસ



એસબીઆઇ એડમિન ઓફિસ ખાતે તા. ૨૦-૦૬-૨૦૨૪ના રોજ સમાધાન પખવાડાની મિટીંગ મળી હતી. તેમાં મેનેજમેન્ટ તરફથી એજીએમ શ્રી પંકજ જલાનીની સાથે અન્ય એજીએમ, સીએમ (એચઆર) શ્રી મુંજાજી વિગેરે ઉપસ્થિત રહ્યાં હતા. એસબીઆઇ પેન્શનર્સ એસો. તરફથી વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પી.જી. પારઘી, જોઈન્ટ જનરલ સેક્રેટરી શ્રી કાન્તીલાલ પરમાર, ડીજીએસ શ્રી મુકેશભાઈ દવે, આસિ. ટ્રેઝરર શ્રી જગતભાઈ પટેલ, કમિટી સદસ્ય શ્રી કે. એન. મહેતા, પેરેમાઉન્ટ ટીપીએમાંથી શિતલ પરમાર, આનંદ રાઠીમાંથી શ્રી પાર્થ પંડ્યા અને પોતાના પડતર પ્રશ્નો સાથે પેન્શનરો ઉપસ્થિત રહ્યાં હતા. એજીએમશ્રી પંકજ જલાનીએ સૌને આવકાર્યા હતા અને પડતર પ્રશ્નો માટે ઘટતું કરવાની ખાત્રી આપી હતી. પેન્શનર્સ એસો.ના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પી.જી. પારઘીએ પેન્શનરોના વિવિધ પ્રશ્નોની છણાવટ કરી હતી. અને લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નોના નિકાલ માટે અગ્રિમતા આપવા રજુઆત કરી હતી. મિટીંગનું સંચાલન સીએમ (એચઆર) શ્રી મુંજાજીએ કર્યું હતું અને રજૂ થયેલા પ્રશ્નોની છણાવટ સાથે સુખદ ઉકેલ આપેલ હતો. આમ સોહાર્દભર્યા વાતાવરણમાં મિટીંગ સંપન્ન થઈ હતી.

## રાજકોટ એડમિન ઓફિસ



તા. ૨૦-૦૬-૨૦૨૪ના રોજ રાજકોટ એડમિન ઓફિસની સમાધાન પખવાડાની મિટીંગ એડમિન ઓફિસ સ્ટાફ કેન્ટીન ખાતે મળી હતી. આ મિટીંગમાં રાજકોટ મોડ્યુલના ડીજીએમ અને એજીએમ મિટીંગમાં હોવાથી સીએમ (એચઆર) દ્વારા મિટીંગનું નેતૃત્વ કરવામાં આવ્યું હતું. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન રાજકોટ મોડ્યુલના ડીજીએસ શ્રી શરદભાઈ દવેની સાથે કમિટી મેમ્બર સર્વશ્રી દક્ષિણ જોશી, શિરીશભાઈ કચ્છીની સાથે પેન્શનર્સ મિત્રો પોતાના પડતર પ્રશ્નો સાથે ઉપસ્થિત રહ્યાં હતાં. મિટીંગમાં સ્ટેગ્નેશન ઈન્ક્રિમેન્ટ રક્ષા ટીપીએમાં પેન્ડીંગ બીલો અંગે ફરિયાદ રજુ કરવામાં આવી. મેનેજમેન્ટ દ્વારા સત્વરે ઘટતું કરવાની ખાત્રી આપવામાં આવી.

## વડોદરા એડમિન ઓફિસ




સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા વડોદરા એડમિન ઓફિસ દ્વારા તા. ૨૦-૦૬-૨૦૨૪ના રોજ સમાધાન પખવાડાનું આયોજન કરવામાં આવેલ. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા મેનેજમેન્ટ તરફથી એજીએમ-૨ શ્રી રાકેશ સિંહ, આરબીઓ-૩ના એજીએમ શ્રી રવિ સોલંકી તેમજ વડોદરા એડમિન ઓફિસના ચીફ મેનેજર (એચ.આર.) શ્રી સોલંકીતેમજ અન્ય ઓફિસર્સ મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા. એસબીઆઈ પેન્શનર્સ એસો. તરફથી ડે. જનરલ સેક્રેટરી શ્રી સુધીર જાની, કારોબારી સભ્ય શ્રીમતી નયનાબેન સેલત, શ્રી પ્રકાશ મંગલાની, શ્રી બલદેવ પરમાર, શ્રી વિનય મજમુદાર, શ્રી નરેશભાઈ શાહ સાથે વડોદરાના સન્નિષ્ઠ કાર્યકારો સર્વશ્રી નિલકંઠ વ્યાસ, દિલીપ મુજમુદાર, એસબીઆઈ ઓફિસર્સ એસો.ના ભૂતપૂર્વ ડીજીએસ શ્રી સુભાષભાઈ શાહની સાથે ઘણાં બધા પેન્શનરો પોતાના પ્રશ્નો સાથે ઉપસ્થિત રહ્યાં હતા. સર્વપ્રથમ એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન વડોદરા મોડ્યુલ ડીજીએસ શ્રી સુધીરભાઈ જાનીએ પેન્શનર્સના પ્રશ્નો અને મુશ્કેલીઓ અંગે રજુઆત કરી હતી. તેમાં વડોદરામાં રેડિયોલોજીસ્ટની સુવિધા છેલ્લા આઠ-દસ વર્ષથી બંધ છે તે બેંકના ધારાધોરણ મુજબ ફરીથી શરૂ કરવામાં આવે. સાથે સાથે વડોદરા એડમિન ઓફિસ અને ખાસ કરીને વડોદરા મેઈન બ્રાન્ચની ડિસ્પેન્સરીમાં દવાઓ મેળવવામાં પડતી મુશ્કેલી માટે રજુઆત કરવામાં આવી. ઉપસ્થિત પેન્શનર્સ મિત્રોએ પોતાના જુદા જુદા પ્રશ્નોની રજુઆત કરી હતી. આસિ. જનરલ મેનેજરશ્રી રાકેશ સિંહે આ અંગે ઘટતું કરવાની બાંહેધરી આપી હતી. સાથે એચ.આર. મેનેજર શ્રી સોલંકી દ્વારા પણ રજુ થયેલ પ્રશ્નો માટે આગળ રજુઆત કરવાનું જણાવ્યું હતું. સદર મિટીંગ ઘણી જ ઉમદાભાવનાથી અને સુંદર રજુઆત દ્વારા સંપન્ન થઈ હતી.

## ગાંધીનગર એડમિન ઓફિસ




ગાંધીનગર એડમિન ઓફિસ ખાતે તા. ૨૦-૦૬-૨૦૨૪ના રોજ સીએમ (એચઆર એન્ડ એડમિન) શ્રી સુબોધ પાંડે મેનેજમેન્ટ તરફથી ઉપસ્થિત રહ્યાં હતા. એસબીઆઈ પેન્શનર્સ એસો. ગાંધીનગર મોડ્યુલ તરફથી ડીજીએસ શ્રી વસ્તાભાઈ વણકર, કમિટી મેમ્બર સર્વશ્રી શૈલેષ જોશી, પિનાકીન બ્રહ્મભટ્ટ, મધુભાઈ સોલંકી, પ્રવિણભાઈ વૈદ્ય તેમજ પેન્શનર્સ મિત્રો પોતાના પ્રશ્નો સાથે ઉપસ્થિત રહ્યાં હતા. સીએમ (એચઆર) શ્રી સુબોધ પાંડે દ્વારા પેન્શનર્સ મિત્રો દ્વારા રજુ કરેલ પ્રશ્નોના ઝડપી નિરાકરણ કરવાની ખાત્રી આપી હતી.

## ભાવનગર એડમિન ઓફિસ





તા. ૨૦-૦૬-૨૦૨૪ના રોજ એસબીઆઈ એડમિન ઓફિસ, ભાવનગર દ્વારા પેન્શનર્સના પ્રશ્નો માટે સમાધાન પખવાડાનું આયોજન એડમિન ઓફિસ, સ્ટાફ કેન્ટીન ખાતે કરવામાં આવેલ. મેનેજમેન્ટ તરફથી ભાવનગર એડમિનના ચીફ મેનેજર (એચઆર) ની ઉપસ્થિતિમાં મિટીંગનું આયોજન કરવામાં આવેલ. તેમાં એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન તરફથી શ્રી ભરત ભટ્ટ, ડીજીએસ, શ્રી રમેશ દુસેજા, શ્રી ભરત વિઠ્ઠલપુરા, કારોબારી મેમ્બર હાજર રહેલ. ઉપરાંત પેન્શનર્સ મિત્રો સર્વશ્રી જે. જી. વ્યાસ, અશોક શાહ વિગેરેએ પ્રશ્નોની રજુઆત કરેલ. શ્રી રાજુભાઈ સરવૈયાએ પણ પેન્શનર્સના પ્રશ્નો અંગે પોતાની રજુઆત કરેલ. એડમિન ઓફિસ તરફથી શ્રી તુષાર વાજાએ મિટીંગનું સંકલન કરેલ.

## સુરત એડમિન



એસબીઆઈપીએ-સુરત મોડ્યુલની સમાધાન પખવાડાની મિટીંગ તા. ૨૦-૦૬-૨૦૨૪ના રોજ એડમિન ઓફિસ-સુરત ખાતે યોજાઈ. મેનેજમેન્ટ તરફથી શ્રી સુનીલ ભલ્લા, સીએમ( એચ.આર) સુરત મોડ્યુલ ઉપસ્થિત રહ્યાં હતા. એસબીઆઈ પેન્શનર્સ એસો. તરફથી ડે. જનરલ સેક્રેટરી-સુરત મોડ્યુલના શ્રી આર. આર. દેસાઈ, કમિટી સદસ્ય શ્રી અશ્વિનભાઈ રાઠોડ, શ્રી એચ. જી. દેસાઈ, શ્રી બલદેવભાઈ મિસ્ત્રી, શ્રી દિલીપ સી. ગાંધી, શ્રી હરીશ સેવાલીયા, શ્રી એ. જે. શાહ, શ્રી બિપીન સુતરીયાની સાથે પેરેમાઉન્ટ ટીપીએ સુરતના નિરૂપમાબેન મહારાણા તેમજ પોતાના પ્રશ્નો સાથે પેન્શનર્સ મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા. પેન્શનર્સ મિત્રોના પડતર પ્રશ્નોની ચર્ચા-વિચારણા કરવામાં આવી. મેનેજમેન્ટ તરફથી સાનુકૂળ પ્રતિસાદ સાંપડ્યો હતો.

## એસબીઆઈપીએ ભાવનગર મોડ્યુલના ડીજીએસ તરીકે શ્રી ભરત એચ. ભટ્ટની વરણી



એસબીઆઈપીએ-ભાવનગર મોડ્યુલના ડીજીએસ શ્રી રાજેન્દ્ર સલોત પોતાના પરિવાર સાથે રાજકોટ શહેર ખાતે સ્થાયી થયા હોવાથી રાજીનામું આપેલ છે જેમની જગ્યાએ ભાવનગર મોડ્યુલના કારોબારી સભ્ય **શ્રી ભરત એચ. ભટ્ટની** ભાવનગર મોડ્યુલના **ડીજીએસ** તરીકે સર્વાનુમતે વરણી લોકલ ઈસી મેમ્બર દ્વારા કરવામાં આવી છે. અત્યાર સુધી ભાવનગર મોડ્યુલના ડીજીએસ તરીકે સુંદર કામગીરી અદા કરનાર શ્રી રાજેન્દ્ર સલોતની સેવાઓને બિરદાવીએ છીએ. ભાવનગર મોડ્યુલના ડીજીએસ શ્રી ભરત ભટ્ટને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવીએ છીએ. ભાવનગર મોડ્યુલની સમગ્ર ટીમમાં શ્રી ભરત ભટ્ટની વરણીથી ખૂબ જ આનંદ અને ઉત્સાહની લાગણી પ્રસરી છે. શ્રી ભરતભાઈ ભટ્ટ ડીજીએસ તરીકેની જવાબદારી સુપેરે નિભાવશે તેનો અમને અતૂટ વિશ્વાસ છે. ફરી એક વાર શ્રી ભરતભાઈ ભટ્ટ અને ભાવનગર મોડ્યુલની સમગ્ર ટીમને દિલથી અભિનંદન પાઠવીએ છીએ.

કમર,ગરદન,સાઈટિકા,ખભાનાં દુઃખાવા ની
ઓપરેશન વગર સારવાર



ડો. હેમાક્ષી અંબાણી
એમ.બી. એમ.ડી
ઈન્ટરવેન્શનલ પેઈન ફિઝીશિયન
એક્સ આસી.પ્રોફેસર બી.જે મેડીકલ કોલેજ
ફેલો સી.પી.એમ.સી. એટલાન્ટા, યુ.એસ.એ.

કમર,ગરદન,સાઈટિકા, ખભાનાં દુઃખાવા ના નિષ્ણાંત

SHIVAM HOSPITAL (SINCE 1996)
Shivam Orthopaedic Hospital & Joint Replacement Centre
2 Chaitanya Society, opp. IIM New Gate, Vastrapur, Ahmedabad.
For Appointment Call Now - 9428595302 | 9428595303




*With Best Compliments*

*from*

## Dr. Manjit Sing Bhalla

**Dental Surgeon (B.D.S.)**

to

**SBI PENSIONER'S ASSOCIATION, AHMEDABAD CIRCLE**

**Bhalla Dental Clinic and Implant Centre**

2nd Floor Galaxy Mall,
Nehrunagar Char Rasta,Satellite Road,
Ahmedabad-380 015 Gujarat. INDIA

**E-mail :** msbhalla@drbhalla.com
**Tel. Clinic:**+91 79 26730407, 9033050240
**Resi. :** 91+91 79 26852946, 26852744

**(M) +91 9824193935 • Timings : 9.00 am 1.00 pm & 5.30 pm to 9.30 pm**

**Note : Free Consultation for All SBI Pensioners**



MarengoCIMS Hospital
અમે
સ્ટ્રોક
(બ્રેઈન એટેક)
જેવી ઇમર્જન્સી માટે છીએ કાયમ તૈયાર
યોગ્ય સમયે, યોગ્ય દેખભાળ શ્રેષ્ઠ પરિણામો આપે છે.
નિષ્ણાતોની ટીમ
ન્યુરોલોજીસ્ટ
ડૉ મુકેશ શર્મા • ડૉ કેવલ સાંગડિયા
પાર્કિન્સન, DBS અને મૂવમેન્ટ ડિસઓર્ડર્સ નિષ્ણાત
ડૉ નરેન્દ્ર બારડ
• અદ્યતન સાધનો, માર્ગદર્શિકા અને પ્રોટોકોલ સાથે એક સમર્પિત સ્ટ્રોક યુનિટ
• સ્ટ્રોક સ્પેશિયાલિસ્ટ, ઇન્ટરવેન્શનલ ન્યુરોલોજીસ્ટ અને ન્યુરોસર્જનની 24x7 ઉપલબ્ધતા
• 24x7 MRI અને CT સ્કેન +સ્ટ્રોક એમ્બ્યુલન્સ
• સમર્પિત ન્યુરો કેથ લેબ
• ન્યુરો ICU ઇન્ટેન્સિવિસ્ટ અને પ્રશિક્ષિત નર્સિંગ દ્વારા ત્વરિત સપોર્ટ
• ઇમરજન્સી રૂમમાં મૂલ્યાંકન અને સ્ટ્રોકની ચોક્કસ સમયમર્યાદામાં યોગ્ય સારવાર
સ્પાઇન ક્લિનિક
સ્પાઇન સર્જરીમાં
શ્રેષ્ઠ પરિણામ માટે પ્રતિબદ્ધ
મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદમાં
અત્યાધુનિક સ્પાઇન સર્જરીઓ
નિષ્ણાતોની ટીમ
ડો વાય સી શાહ +91 98240 37137
ડો ટીકેબી ગણપથી +91 98795 26241
ડો તુષાર શાહ +91 98250 68960
+91 98250 73030
+91 98242 80706
+91 98790 02557
+91 77689 83539
+91 74061 77409
+91 94274 90782
+91 97129 32107
એક્સપર્ટ કન્સલ્ટેશન
એક્સ-રે
પેથોલોજી તપાસ CBC/RBS/TSH
રૂ. 5000/- રૂ. 1900/-*
સ્પાઇનને લગતી તમામ સમસ્યાઓનું નિવારણ એક જ સ્થળે
તમારા લીવરમાં ચરબી અને ફાઇબ્રોસિસ છે કે નહિ તે જાણવા આજે જ
ફાઇબ્રો સ્કેન
કરાવો
ખાસ ડિસ્કાઉન્ટ દર
Rs.6000/- Rs. 2500/-
ફાઇબ્રોસ્કેન કેવી રીતે કામ કરે છે?
ફાઇબ્રોસ્કેન એ એક સરળ, પીડારહિત, નોન-ઇન્વેસિવ પ્રોસિજર છે, જેનો ઉપયોગ લીવરના સ્વાસ્થ્યનું ચોક્કસ મૂલ્યાંકન કરવા માટે થાય છે.
ફાઇબ્રોસ્કેન ક્યારે કરાવવું જોઈએ?
• ફેટી લીવર રોગ • સિરોસિસ
• આલ્કોહોલિક લીવર રોગ
• ક્રોનિક હેપેટાઇટિસ B&C
• ઓબેસિટી • લીવરની અન્ય સમસ્યાઓ
ફાઇબ્રોસ્કેન એ FDA દ્વારા માન્ય ઉપકરણ છે.
વધુ જાણકારી માટે સંપર્ક કરો : મિલન પ્રજાપતિ +91 99746 52120
મૈરિંગો સિમ્સ હૉસ્પિટલ
ઑફ સાયન્સ સિટી રોડ, સોલા, અહમદાબાદ – 380060.
JCI (USA) NABH
For emergency or appointment,
1800 309 9999

# અમદાવાદ એડમિન ઓફિસ-આંબાવાડીના આંગણે યોજાઈ જૂન મહિનાની મંથલી મિટીંગ



જૂન મહિનાની મંથલી મિટીંગ પહેલી વાર એડમિન ઓફિસ, અમદાવાદના આંગણે તા. ૧૯-૬-૨૦૨૪ના રોજ યોજાઈ. દર મહિનાની મંથલી મિટીંગમાં જીવનમાં ઉપયોગી નવા નવા વિષયો સાથે મિટીંગનું આયોજન કરવામાં આવે છે. આ મંથલી મિટીંગમાં આપણા જીવનની અગત્યની બાબત એટલે કે વીલ યાને વસિયતનામા વિશે વિગતવાર, ઉંડાણપૂર્વક, નામાંકિત એડવોકેટ શ્રી શૈલેષભાઈ શાહ દ્વારા રજુ કરવામાં આવી હતી. ઉપસ્થિત પેન્શનર્સ મિત્રોને વસિયતનામાની અગત્યતા ઉદાહરણ સાથે સમજાવી હતી. શ્રી શૈલેષભાઈ શાહની વિષયને સમજાવવાની અનોખી શૈલીથી સમજ આપી હતી. તેઓ નિ:સ્વાર્થપણે વસિયતનામાની કાર્યવાહી નિ:શુલ્ક કરે છે તેવી જાણ કરી હતી. રસપ્રદ વિષયના કારણે ઉપસ્થિત મેદનીને અસહ્ય ગરમીના વાતાવરણની અસર પણ ન થઈ હતી. એટલે કે અસહ્ય ગરમી સહન કરીને શ્રી શૈલેષભાઈ શાહની રજુઆતને એક ધ્યાને સાંભળી હતી તે બતાવે છે કે પેન્શનર્સ એસો. દ્વારા મિટીંગમાં લાવવામાં આવતા નવા વિષયોને કારણે મિટીંગ પ્રત્યે પેન્શનરોનો લગાવ, લાગણી અને હાજરી વધતી જાય છે. તેમના વિશ્વાસ અને શ્રદ્ધાનું પરિણામ છે. શ્રી શૈલેષભાઈએ વસિયતનામાની અગત્યતા સમજાવી પેન્શનરોના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા. આ મિટીંગમાં અમદાવાદ એડમિનના સી.એમ. (એચઆર) શ્રી મુંજાજીની વિશેષ ઉપસ્થિતિ હતી. તેમણે પણ જંગી મેદનીને જોઈ અને અસહ્ય ગરમી સહન કરીને પણ પેન્શનર્સ મિત્રો મિંટીંગને માણી રહ્યાં. તે બાબતની નોંધ લઈ શ્રી કમાલ કાદરી અને ટીમને અભિનંદન પાઠવ્યા હતા. આ મિટીંગમાં જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પી. જી. પારઘી, જોઈન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી કાન્તીલાલ પરમાર, રમણભાઈ વાઘેલા, ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી શ્રી કે. વી. શાહ, ડીજીએસ શ્રી શ્રી મુકેશ દવે, ટ્રેઝરર શ્રી રવિ સોલંકી, કમિટી મેમ્બર સર્વશ્રી રાજુ શાહ, સુભાષ પટેલ, રેખાબેન નિખારે, એ. કે. બથવાર, જિકેશ પટેલ, રમેશ મહાવર અને મોટી સંખ્યામાં પેન્શનર્સ મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા.





વધુમાં પેન્શનર્સ એસો.ના ઓર્ગેનાઈઝ સેક્રેટરી શ્રી કે. વી. શાહ દ્વારા કે જેઓ કન્ઝ્યુમર ફોરમમાં કાર્યરત છે. તેમણે ઓનલાઈન ફ્રોડ તેમજ ગ્રાહકોના અધિકાર વિશે તેમજ કસ્ટમરને પડતી મુશ્કેલી બાબતે શું કાર્યવાહી કરી શકાય તેની માહિતી પણ રજુ કરી હતી. જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ વિશેષરૂપે બહેનોની મોટી સંખ્યામાં હાજરીની નોંધ લઈ તેમને અભિનંદન પાઠવ્યા હતા. સર્કલ લેવલે તેમજ કોર્પોરેટ લેવલે પેન્શનર્સને લગતી માહિતી સવિસ્તાર રજુ કરી હતી. આમ એક જબરદસ્ત ઉત્સાહ અને ગરમીના વાતાવરણ વચ્ચે મિટીંગ સંપન્ન થઈ હતી.

## અભિનંદન



એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન, ભાવનગર મોડ્યુલ પરિવારના પેન્શનર્સ **શ્રી કિર્તીદેવ આર. પંડ્યા**ની ભાવનગર ગ્રાહક સુરક્ષા મંડળની સામાન્ય સભામાં તા. ૨૯-૦૬-૨૦૨૩થી ત્રણ વર્ષ માટે કારોબારીમાં નિમંત્રિત સભ્ય તરીકે પસંદગી આવી. શ્રી કિર્તીદેવ પંડ્યા કન્ઝ્યુમર કન્ફડેરેશન ઓફ ઈન્ડિયાના પણ મેમ્બર છે. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન શ્રી કિર્તીદેવ આર. પંડ્યાને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.


SBI | HOME LOANS
ટકાઉ ભવિષ્ય બનાવવામાં મદદ કરો, આજે જ!
તમારું પહેલું પગલું લો અમારી સાથે.
સોલાર રૂફટૉપ ફાઈનાન્સ સાથેની એસબીઆઈ હોમ લોન માટે અરજી કરો.
સ્પર્ધાત્મક વ્યાજ દર
કોઈ છુપા ચાર્જિસ નહીં
ઓછી પ્રોસેસિંગ ફી
સહાયતા માટે કૉલ કરો: 1800 11 2018 | અહીં મુલાકાત કરો: homeloans.sbi
Azadi Ka Amrit Mahotsav
આ ઉત્પાદન નીચે જણાવેલ એસડીજી સાથે જોડાયેલ છે અને સ્થાયી ભારત માટે યોગદાન આપે છે.
અમને અહીં ફોલો કરો

# -: હિંમતનગર ખાતે પેન્શનર્સ મિલન...સન્માન સમારોહ :-



એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન હિંમતનગર યુનિટ દ્વારા સાબરકાંઠા જિલ્લાના પેન્શનર્સ મિત્રો માટે તા. ૧૮-૦૫-૨૦૨૪ના રોજ સર્વોદય હોટલના હોલમાં, હિંમતનગર ખાતે પેન્શનર્સ મીટ તથા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું. આ સમારોહના મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર એડમિન ઓફિસ રીઝીયન-૨ના એજીએમ શ્રી નિરજકુમાર જોષી સાથે પેન્શનર્સ એસોસીએશનના પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, ઉપપ્રમુખશ્રી પી. જી. પારઘી, ટ્રેઝરર શ્રી રવિ સોલંકી, કારોબારી સભ્ય શ્રી પિનાકીનભાઈ જાની, શ્રી જિકેશ પટેલ, હિંમતનગરની ચાર બ્રાન્ચના ચીફ મેનેજર શ્રી બિરેન્દ્ર શહા, શ્રી ઝા, શ્રી પંચાલ, એસબીઆઈ લાઈફમાંથી શ્રી મહેશભાઈ વાંઝ તથા વિશાળ સંખ્યામાં પેન્શનર્સ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. અંતરમનથી પ્રભુને યાદ કરી દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. એજીએમ શ્રી નિરજ જોષીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે પેન્શનર્સ તો બેંકના બ્રાન્ડ એમ્બેસેડર છે. પેન્શનરોને તેમની તકલીફમાં કઈ રીતે મદદરૂપ થઈ શકાય તે વિશે ચર્ચા કરી હતી.

પ્રમુખશ્રી ચોક્સી સાહેબે એમના સંબોધનમાં જણાવ્યું કે આજની તારીખે ૪૬.૬ ડિગ્રી તાપમાન અને અસહ્ય ગરમી હોવા છતાં ૧૦૦થી વધુ મેમ્બરો તથા ફેમિલી પેન્શનરો હાજર રહ્યાં. તે બતાવે છે કે સંગઠન સાથે મેમ્બરોનું બોન્ડીંગ કેટલું મજબૂત છે.



જનરલ સેક્રેટરી શ્રી કમાલભાઈએ અત્યારની પરિસ્થિતિનું એપેક્ષ લેવલની માહિતી આપી અને નજીકના ભવિષ્યમાં ફેમિલી પેન્શનર્સ અને પેન્શનર્સને મળેલા ફાયદાની જાણ કરી. મેડિકલ બીલમાં પડતી તકલીફો બાબતે પણ જાણ કરી. તેમણે જણાવ્યું કે છેલ્લા ૩૭ વર્ષથી અમે તો સાબરકાંઠા એટલે પિનાકીન જાની અને પિનાકીન જાની એટલે સાબરકાંઠાની રીતે ઓળખીએ છીએ. એસબીઆઈ મ્યુચ્યુઅલ ફંડનું પ્રેઝન્ટેશન શ્રી પિનાકીન પટેલ દ્વારા કરવામાં આવ્યું. ૭૦થી વય પૂર્ણ કરનાર ૩૦ પેન્શનર્સ મિત્રોને શાલ અને મિઠાઈ દ્વારા સન્માન કરવામાં આવ્યું. લગ્ન જીવનના ૫૦ વર્ષ પૂર્ણ થયા હોય તેવા ૬ દંપતિને શાલ, મોમેન્ટો અને મિઠાઈ દ્વારા સન્માનવામાં આવ્યા. સાબરકાંઠાના પ્રતિનિધિ શ્રી પિનાકીન જાનીના ૭૦ વર્ષ પૂર્ણ થયેલ હોઈ તેમનું સન્માન કરી શુભકામનાઓ પાઠવવામાં આવી. ખૂબ જ ઉત્સાહભેર કાર્યક્રમમાં સૌ સહભાગી થયા. શ્રી પ્રફુલ સોની દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું.



SBI

DENTAL CARE IMPLANT AND LASER CENTER

DR.DEVAL TRIVEDI

MDS PERODONTIST IMPLANTOLOGIST AND LASER SURGEON

ALL DENTAL TREATMENT AND FACILITES ARE AVAILABLE WITH ADVANCE TECHNOLOGY

Address:-9,ground floor,Primate Building,Opp.Mother Milk Palace, Judges bungalow road,bodakdev
Mobile no:- 9974367802
Clinc Timings:- Monday to Saturday 10:00 AM to 3:00 PM
*Sunday by appointments only. Email I'd:-drdevaltrivedi@gmail.com

NOTE:- FREE CONSULTATION FOR ALL SBI PENSIONERS and SBI EMPLOYEES
SPECIAL DISCOUNT ON ALL DENTAL TREAMENT FOR SBI PENSIONERS,SBI Employees AND THIER FAMILY MEMBERS,AHMEDABAD


દરેકના શરીરનો બાંધો અલગ, ઘૂંટણની રચના અલગ, તો દરેકની
"ઘુંટણ બદલવાની (Knee Replacement) સર્જરી" એકસરખી કેમ?
Smith+Nephew
CORI
Robotic Surgical System
(USA)
હવે કરાવો પોતાના ઘૂંટણની ઓરીજીનલ રચના મુજબનું ની રિપ્લેસમેન્ટ
Truly Personalized Knee Replacement
ઘૂંટણ બદલવાની અત્યાધુનિક પદ્ધતિ
ROBOTIC NKR
NATURAL KNEE REPLACEMENT
-: રોબોટિક NKR ના ફાયદા :-
• હાડકુ, લિગામેન્ટ, અને સ્નાયુ બચાવીને થતી સર્જરી
• જીવનપર્યન્ત ચાલે તેવો ઈમ્પ્લાન્ટ
• લોહી ની જરૂરિયાત નહિવત અને ઓછી પીડા
• તે જ દિવસે ચાલવું અને દાદર ચઢવું
• ઝડપી રિકવરી - હોસ્પિટલમાંથી વહેલા ડિસ્ચાર્જ
• યુવાન કુદરતી ઘૂંટણની લાગણી
SBIના કર્મચારી અને પેન્શનર માટે
કેશલેસ/ રિએમ્બર્સમેન્ટ સુવિધા ઉપલબ્ધ
2700+
Google Review
11000થી વધુ "ની રિપ્લેસમેન્ટ" સર્જરી અને
3000 થી વધુ "રોબોટિક નેચરલ ની રિપ્લેસમેન્ટ" સર્જરી
અન્ય ઉપલબ્ધ સારવાર:
• રિવિઝન જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી
• કોમ્પ્લેક્સ ફ્રેક્ચર સર્જરી
• એક્સીડેન્ટ અને ફ્રેક્ચર સારવાર
• એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જરી
• રમતગમતની ઈજા અને આર્થ્રોસ્કોપિક સર્જરી
• બેક સ્કૂલ અને સ્પાઈન કેર
• પેઈન ક્લિનિક
• હિપ રિપ્લેસમેન્ટ સર્જરી
વડોદરા- વાયરોક હોસ્પિટલ , આર્યકન્યા વિદ્યાલય રોડ, કારેલીબાગ.
6356300400/500
આણંદ- ઓમ્ હોસ્પિટલ એન્ડ આઈ.સી.યુ., વેન્ડોર ચાર રસ્તા, અહિંસા ચોક.
02692-267005/06
VIROC
SUPER SPECIALITY
ORTHOPEDIC HOSPITAL

# DONATION FOR-JUNE-2024

## DONATION FOR JUNE 2024

| PF NO. | NAME OF THE PENSIONER | RECT NO. | AMOUNT |
|---|---|---|---|
| 5207932 | RAMJIBHAIV. SOLANKI | 23742 | 1,100.00 |
| 1713396 | PUSHPABEN KANTILAL PARMAR | 23734 | 1,000.00 |
| 5182484 | JETHALAL G. VADUKAR | 23745 | 1,000.00 |
| 5173523 | PITAMBER G PARGHEE | 23606 | 5,200.00 |
| 737971 | ARUNA B. GANDHI | 23741 | 501.00 |
| 5182484 | JETHALAL G. VADUKAR | 23744 | 500.00 |
| 1722948 | PANKAJKUMAR REVANDAS CHAVDA | 23707 | 365.00 |
| 8261148 | RAMABHAI MAHERIA | 23743 | 365.00 |

## LEVY JUNE 2024 FORM SBIPA OFFICE BEARER

| | | | |
|---|---|---|---|
| 1710702 | RAMESH N. CHOKSHI (President) | 23675 | 11,001.00 |
| 1724711 | RAVI SOLANKI (Treasurer) | 23644 | 10,000.00 |
| 5173523 | PITAMBAR G. PARGHEE (Vice President) | 23676 | 6,000.00 |

## LEVY JUNE 2024

| PF NO. | NAME OF THE PENSIONER | RECT NO. | AMOUNT |
|---|---|---|---|
| 704725 | ANIL J CHHAYA | 23700 | 15,000.00 |
| 704296 | ARUN BHOKARE | 23604 | 11,111.00 |
| 1746596 | DHIREN MANSUKHLAL RAMANI | 23605 | 11,000.00 |
| 1714309 | ARVINDKUMAR BHIKHALAL SOLANKI | 23622 | 10,000.00 |
| 1937472 | TILAK KUMAR DHAR | 23694 | 10,000.00 |
| 5204372 | ANTHONY FRANCIS FIDELIS | 23659 | 10,000.00 |
| 5180384 | BHASKERBHAI C RAVAL | 23680 | 10,000.00 |
| 5189780 | KARSANBHAI KHANABHAI MAKWANA | 23681 | 10,000.00 |
| 2905728 | RANGUBHAI SOMABHAI RATHWA | 23684 | 10,000.00 |
| 1723944 | MUNIRAHMED GAFURBHAO VHORA | 23698 | 10,000.00 |
| 5196779 | DILIPKUMAR RAMANLAL SHAH | 23703 | 10,000.00 |
| 1728393 | BABARBHAI SHANABHAI VASAVA | 23705 | 10,000.00 |
| 744778 | ALKA J PARLIKAR | 23706 | 10,000.00 |
| 5172586 | BHARATBHAI DEVABHAI MAKWANA | 23733 | 10,000.00 |
| 2892456 | KUMAR IYER | 23729 | 10,000.00 |
| 709611 | SHANTILAL NARSINGBHAI PATEL | 23730 | 10,000.00 |
| 1717987 | SURENDRA HIRALAL CHAUDHARI | 23736 | 10,000.00 |
| 726672 | NAVINCHANDRA C. THAKKAR | 23737 | 10,000.00 |
| 2882272 | SATYANARAYANA MURTY VANKA | 23735 | 9,999.00 |
| 5192307 | AMRUTBHAI RAMJIBHAI CHAVDA | 23750 | 8,287.00 |
| 1329731 | ANJANA PUNJABI | 23756 | 7,100.00 |
| 735922 | INDRAVADAN PRAHLADSINH DESAI | 23683 | 7,000.00 |
| 1705156 | ROHITKUMAR MAHENDRAKUMAR SHAH | 23697 | 7,000.00 |
| 1716786 | JAGDISH NAVNITLAL SHAH | 23704 | 7,000.00 |
| 743070 | ZARIR B KASAD | 23732 | 6,200.00 |
| 742198 | KANAYO L ROCHANI | 23751 | 6,045.00 |
| 5172691 | NAGARBHAI MOTIBHA JADAV | 23726 | 6,044.00 |
| 1716778 | DIPAKKUMAR KRISHNAKANT SHAH | 23695 | 5,011.00 |
| 5201543 | KINKAR MULVANTRAI SHUKLA | 23702 | 5,001.00 |
| 1711415 | DARSHANSINGH JASWANTSING JANDU | 23755 | 5,001.00 |
| 2897504 | JAYNA AVINASH SHAH | 23645 | 5000.00 |
| 703907 | PRABHAKAR K. BAXI | 23654 | 5,000.00 |
| 5177189 | MANOJ B HINGU | 23688 | 5,000.00 |
| 2880490 | DHANSUKHLAL JAGDISHBHAI PATEL | 23701 | 4,620.00 |
| 1700502 | RAYMOND P MACWAN | 23691 | 4,110.00 |
| 2900203 | PADMANABHAN IYENGER | 23690 | 4,000.00 |
| 1725254 | RASHMIKANT HARIVADAN NANAVATI | 23728 | 4,000.00 |
| 1701479 | DEVJIBHAI M VADHEL | 23752 | 3,791.00 |
| 1704141 | JAYANTILAL G CHAUHAN | 23748 | 3,688.00 |
| 1747231 | JAYKUMAR SHANTILAL PATHAK | 23747 | 3,170.00 |
| 5204038 | NARENDRAKUMAR RAMSHANKER RAVAL | 23753 | 3,170.00 |
| 5190304 | RAJABHAI JADAVBHAI CHUDASAMA | 23696 | 3,000.00 |
| 1705040 | LIYAKATHUSSEIN M DALAL | 23731 | 3,000.00 |
| 5170451 | DHRUV RAJNIKANT DESAI | 23738 | 3,000.00 |
| 1718533 | KIRITKUMAR SHAH | 23739 | 2,900.00 |
| 1713523 | ASHOK K SHAH | 23749 | 2,600.00 |
| 710431 | HASMUKHBHAI M. PATEL | 23652 | 2,500.00 |
| 733806 | KALPANA JAYANT ANTANI | 23653 | 2,500.00 |
| 709204 | LALIT KANTILAL PATEL | 23674 | 2,500.00 |
| 1748637 | AKSHAY N SHAH | 23682 | 2,500.00 |
| 1710796 | NAYAN V GUPTE | 23685 | 2,500.00 |
| 1716565 | VIKRAMBHAI MANUBHAI SHAH | 23708 | 2,500.00 |
| 1729012 | SANDEEP SHARAD PADHYE | 23722 | 2,500.00 |
| 5170532 | BABULAL A. MAJID SHEKH | 23673 | 1,786.00 |
| 1739212 | VINODKUMAR BAHECHARBHAI PATEL | 23727 | 1,648.00 |
| 1708546 | KETANKUMAR P THAKER | 23692 | 1,511.00 |
| 5177197 | KRISHNAKUMAR HARGOVANDAS RANA | 23758 | 1,511.00 |
| 1749854 | PRADIPKUMAR MAHESHCHANDRA KHATRI | 23757 | 1,501.00 |
| 1728563 | SURESH NATVARLAL ICECREAMWALA | 23759 | 1,500.00 |
| 5237343 | DEVENDRASINGH | 23679 | 1,200.00 |
| 1718533 | KIRITKUMAR SHAH | 23739 | 1,100.00 |
| 727334 | JADURAM M SALAT | 23754 | 1,100.00 |
| 3503097 | PRABHAKAR SHRIKRISHNA KULKARNI | 23725 | 1,000.00 |
| 5237343 | DEVENDRASINGH | 23679 | 715.00 |


**Rs. 10 lakhs Invested into SBI MF's recently launched NFOs**

Creating wealth & capturing Market Opportunities for Investors, Time & Again

ALL NFOs Outperformed over SENSEX

| Scheme Name | NFO date | Today's NAV | Investment Duration from NFO | Today's valuation | Gain in scheme NAV (%) | SENSEX GAIN (%) |
|---|---|---|---|---|---|---|
| SBI Magnum Children's Benefit fund | 07-10-2020 | 33.82 | 1281 das | 33,82,169 | 238.22% | 87.09% |
| SBI Balanced Advnatage fund | 07-09-2021 | 13.9 | 955 days | 13,90,843 | 39.08% | 28.02% |
| SBI Multicap fund | 15-03-2022 | 14.18 | 765 days | 14,18,501 | 41.85% | 33.77% |
| SBI Dividend Yield Fund | 05-03-2023 | 13.98 | 415 days | 13,98,291 | 39.83% | 29.45% |
| SBI Energy Opportunities Fund | 01-03-2024 | 10.66 | 67 days | 10,66,486 | 7.60% | 1.17% |

(NAV data as on 2nd May, 2024)

Exciitng opportunities are about to unfold from 17th May, 2024

**SBI AUTOMOTIVE OPPORTUNITIES FUND**

NFO OPENS: 17th MAY, 2024 NFO CLOSES : 31st MAY, 2024

For more info, Contact Mr. Amrish Shah (Ex.Retired SBI emp) : 93270 08653


G/22, Hemkoot Building, Nr.Gandhi Ashram Railway Station, Ashram Road, Ahmedabad.


Mutual fund investments are subject to market risks, read all scheme related documents carefully

## પ્રભુશરણ

| પી.એફ.નં. | નામ | સેન્ટર | મોબાઈલ |
|---|---|---|---|
| ૪૨૨૨૧૫ | ભાનુબેન જયંતીલાલ સુરતી (૪/૫૫એ) | સુરત | |
| ૧૭૧૩૦૯૪ | દયાગૌરી વી. કોરવાલા (૧૨/૧૬૬એ) | સુરત | ૯૮૨૫૬૬૯૬૨૬ |
| ૭૦૫૫૯૪ | પરિમલભાઈ વસંતલાલ દવે (૦૭/૦૦૪) (સ્વ. ૧૭-૧૨-૨૦૨૩) | સુરત | ૯૮૨૫૬૯૭૩૩૦ |
| ૭૨૯૫૮૨ | દેવેન્દ્ર ગમનલાલ જોશી (૦૭/૦૭૬) (સ્વ. ૨૩-૦૧-૨૦૨૪) | સુરત | ૯૮૭૯૦૭૦૮૮૨ |
| ૧૨૭૩ | કુમુદબેન ઠાકોરભાઈ દેસાઈ (૩/૪૬) (સ્વ. ૨૮-૦૨-૨૦૨૪) | સુરત | ૯૪૦૮૦૯૦૩૬૩ |
| ૧૭૨૩૩૪૦ | ખંડુભાઈ વલ્લભભાઈ મિસ્ત્રી (સ્વ. ૧૫-૦૫-૨૦૨૪) | વ્યારા | ૯૭૨૬૦૦૬૨૨૯ |
| ૭૩૭૬૦૭ | રમેશભાઈ અંબાલાલ જરીવાલા | સુરત | ૯૮૯૮૧૨૯૪૮૨ |
| ૭૧૧૬૩૨ | અસ્પી કેરસી રાવ (૭/૮૨) | સુરત | |
| ૭૨૭૧૬૪ | બિપીનચંદ્ર બાલુભાઈ ભરૂચા (૭/૧૨૬એ) | સુરત | ૯૯૧૩૨૨૩૧૨૭ |
| ૧૩૬૨ | હર્ષદરાય એ. મહેતા (૩/૫૨) (સ્વ. ૧૩-૦૫-૨૦૨૪) | સુરત | ૯૪૨૬૬૧૧૭૯૫ |
| ૩૨૫૩૬૮ | નીલાબેન આર. દલાલ (સ્વ. ૧૨-૦૬-૨૦૨૪) | વડોદરા | ૯૮૨૪૦૦૬૭૯૩ |
| ૧૭૩૧૩૫૧ | બાબુભાઈ પી. જાદવ (સ્વ. ૨૮-૦૬-૨૦૨૪) | ગાંધીનગર | ૯૬૨૪૧૬૩૪૪૬ |
| ૩૫૩૭૮૬૨ | રામસુભગ આર. પાંડે (સ્વ. ૨૪-૦૬-૨૦૨૪) | નલીયા | ૯૬૨૪૨૦૫૭૫૭ |
| | રાધેશ્યામ બી. રીંગવાલા (સ્વ. ૮-૦૭-૨૦૨૪) | અમદાવાદ | |
| ૭૦૦૭૫૪ | રશના એચ. આસુદરીયા (સ્વ. ૦૧-૦૭-૨૦૨૪) | નવસારી | ૯૯૬૯૧૦૭૫૩૮ |
| | સુરેશચંદ્ર સોમાલાલ શાહ (સ્વ. ૨૩-૦૫-૨૦૨૪) | અમદાવાદ | |

## ભાવભીની શ્રદ્ધાંજલિ





સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશનના સુરત ઝોનના ભૂતપૂર્વ પ્રતિનિધિ **શ્રી પરિમલભાઈ વસંતલાલ દવેનું તા. ૧૭-૧૨-૨૦૨૩ના રોજ ટૂંકી માંદગી બાદ દુઃખદ અવસાન થયેલ છે.** તેમની બેંકની કારકિર્દી દરમિયાન તેઓ એમ્પ્લોઈઝ યુનિયન તથા પેન્શનર્સ એસોસીએશનમાં સક્રિય હતા. બેંકમાંથી નિવૃત્તિ લીધા બાદ તુરંત જ પેન્શનર્સ એસોસીએશનના કારોબારી સભ્ય તરીકે સક્રિય રહીને મેમ્બરશીપ વધારવામાં આગત્યની ભૂમિકા અદા કરેલ છે. લગભગ ૨૦ વર્ષ સુધી પેન્શનર્સની પ્રવૃત્તિમાં સક્રિય રહ્યાં અને સુરત તથા તાપી જિલ્લાના પેન્શનર્સનો પ્રેમ મેળવ્યો હતો. સદ્ગતના આત્માની શાંતિ માટે પેન્શનર્સ એસોસીએશન ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.



# SBI એમ્પ્લોઈઝ યુનિયન-ગાંધીનગર સર્કલની ૧૫મી ત્રિવાર્ષિક જનરલ બોડી મિટીંગ-સુરત ખાતે યોજાઈ



SBI Employee Union-ગાંધીનગર સર્કલ દ્વારા ૧૫મી ત્રિવાર્ષિક જનરલ બોડી મિટીંગ તા. ૩૦-૦૬-૨૦૨૪ના રોજ પ્લેટિનમ હોલ, સુરત ઈન્ટરનેશલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરથાણા, ડાયમંડ સીટી, સુરત ખાતે યોજાઈ. એમ્પ્લોઇઝ યુનિયનના પ્રમુખ શ્રી સંદિપ ભટ્ટ, જનરલ સેક્રેટરી શ્રી અનિલ દાવરના નેતૃત્વમાં ત્રિવાર્ષિક જનરલ બોડી મિટીંગમાં રાષ્ટ્રીય નેતૃત્વ UFBUના કન્વિનર, NCBE ના જનરલ સેક્રેટરી, SBI Staff Federation ના જનરલ સેક્રેટરી સૌના પ્યારા કોમરેડ સંજીવ બંદલીશ, SBI Staff Federation ના પ્રેસિડેન્ટ કોમરેડ અરૂણ ભગોલીવાલ, CGM State Bank of India, ગાંધીનગર સર્કલના શ્રી હેમંત કરોલિયા, DGM & CDO State Bank of India-ગાંધીનગર સર્કલના શ્રી વિક્રમ ઝા, ઓલ ઈન્ડિયા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા સ્ટાફ ફેડરેશનના



સિનિયર વાઈસ પ્રેસીડેન્ટ સર્વશ્રી કોમરેડ પ્રદિપ કે. બૈશ્યા, કોમરેડ ક્રિપાકરણ, કોમરેડ આર. શ્રીરામ, કોમરેડ એલ. ચંદ્રશેખર, એસબીઆઇ ઓફિસર્સ એસોસીએશનના પ્રમુખ કોમરેડ નિલેશ રાડીયા, સેવાના જનરલ સેક્રેટરી કોમરેડ પિયુષ વ્યાસ, એસબીઆઈપીએના જનરલ સેક્રેટરી કોમરેડ કમાલ કાદરી તથા ખાસ મહેમાનોમાં તમામ સર્કલોના જનરલ સેક્રેટરી, પ્રેસિડેન્ટ, યુનિયનના ભૂતપૂર્વ નેતાઓ, આમંત્રિત મહેમાનોની સાથે એસબીઆઈપીએના પ્રમુખશ્રી આર. એન. ચોક્સીની સાથે ઉપપ્રમુખ શ્રી પી.જી. પારઘી, જોઈન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી



કાન્તીલાલ પરમાર, રમણભાઈ વાઘેલા, ડીજીએસ શ્રી મુકેશ દવે, ટ્રેઝરર શ્રી રવિ સોલંકી, આસી. ટ્રેઝરર શ્રી જગત પટેલ, યુનિયનના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ ચૌહાણ, કમિટી સદસ્ય સર્વશ્રી સુભાષ પટેલ, એ. કે. બથવાર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. કોમરેડ સંજીવ બંદલીસ અને કોમરેડ અરૂણ ભગોલીવાલ અને અન્ય મહેમાનોનું પ્રચંડ સૂત્રોચ્ચાર, "ઢોલનગારા"ના તાલે સભ્યોના માનવ મહેરામણ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ગુજરાતી ગરબા અને નૃત્ય દ્વારા હોલમાં ઉપસ્થિત મેદનીને ગરવી ગુજરાતની સંસ્કૃતિની ઝાંખી કરાવી. તમામ ખાસ મહેમાનોની સાથે આપણાં જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીનું સ્વાગત કરી મંચ પર બિરાજમાન થયા. કોમરેડ અનિલ દાવરના સ્વાગત પ્રવચન તેમજ સીડીઓ શ્રી વિક્રમ ઝા, સીજીએમ શ્રી હેમંત કરોલિયા અને કોમરેડ અરૂણ ભગોલીવાલ અને કોમરેડ સંજીવ બંદલીસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન દ્વારા સૌને મંત્રમુગ્ધ કર્યા. કોમરેડ સંજીવ બંદલીસ અને કોમરેડ ભગોલીવાલ નિવૃત્ત થતાં હોઈ ભવ્ય, અવિસ્મરણીય સન્માન કરવામાં આવ્યું. એસબીઆઈપીએ દ્વારા આપણાં જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી અને પ્રમુખશ્રી આર. એન. ચોક્સીના નેતૃત્વમાં સમગ્ર ટીમ દ્વારા કોમરેડ સંજીવ બંદલીસ અને કોમરેડ અરૂણ ભગોલીવાલનું મોમેન્ટો તેમજ શાલ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું. જે ગૌરવશાળી અને ઐતિહાસીક ક્ષણ કહી શકાય. એસબીઆઇ એમ્પ્લોઈઝ યુનિયનના પ્રમુખશ્રી સંદીપ ભટ્ટ અને જનરલ સેક્રેટરી શ્રી અનિલ દાવરને ભવ્ય યાદગાર, શાનદાર, અભૂતપૂર્વ ત્રિવાર્ષિક જનરલ બોડી મિટીંગના આયોજન માટે ખૂબ ખૂબ અભિનંદન.



## અગત્યનું

# આપણી માતૃસંસ્થા સ્ટેટ બેંક માટે આપણી ફરજ અદા કરીએ

**આપણે સૌ સ્ટેટ બેન્ક પરિવારના સદસ્ય છીએ અને આપણા જીવનની સફળ સફરમાં આપણી માતૃસંસ્થાનો ખૂબ જ અમૂલ્ય ફાળો છે. વધુમાં પેન્શનર્સ એસોસીએશનના આપણી બેંક મેનેજમેન્ટ સાથે સુમેળભર્યા સંબંધોને ધ્યાનમાં રાખી બેન્કની કાયદાકીય જવાબદારી અદા કરવાની આપણને તક મળી છે. તે પ્રમાણે આપણી બેંકની ઘણી શાખાઓમાં આપણા સેવીંગ્સ બેન્ક એકાઉન્ટ (સ્ટાફ)ના જુના ઓપનીંગ ફોર્મ ઉપલબ્ધ નથી. તેથી ઓડીટ ઓબ્જેક્શન આવેલ છે. જેના કારણે આરબીઆઈ દ્વારા પેનલ્ટી આપણી માતૃસંસ્થાએ ચૂકવવી પડે છે. BPRIT એલએચઓ અને એલસીબીસી-ભાવનગર દ્વારા આ અંગે સ્ટાફ સાથે યોગ્ય ફોલોઅપ પણ કરવામાં આવેલ છે. તેથી એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન, તમામ મિત્રોને અપીલ કરે છે કે તેઓ કોઈ પણ શાખામાં જઈ યાદી ચકાસી તે પ્રમાણે સેવીંગ્સ બેન્ક એકાઉન્ટના પ્રિ-પ્રિન્ટીંગ ફોર્મ્સ મેળવી તેને કેવાયસી ડોક્યુમેન્ટ સાથે સંપૂર્ણપણે મેળવી સબમીટ કરવાની કામગીરીમાં આપ સૌ મિત્રો મદદરૂપ થશો એવી આશા સાથે આપ સૌને અપીલ કરીએ છીએ. આવા સેવીંગ્સ બેન્ક એકાઉન્ટ ઓપનીંગ ફોર્મ મેળવવાની યાદી મોડ્યુલની રિજીઓનલ ઓફિસમાં તેમજ એસબીઆઈપીએના મોડ્યુલ ડીજીએસ (SBIPA) પાસે પણ ઉપલબ્ધ છે. આપ કોઈપણ શાખામાંથી પ્રિ-પ્રિન્ટેડ ફોર્મ મેળવી શકશો. તો આ કાર્યને અગ્રીમતા આપી તાત્કાલિક કામગીરી શરૂ કરવા હાર્દિક અપીલ કરીએ છીએ. આ કામગીરી દરમિયાન આપને કોઈપણ પ્રકારની મુશ્કેલી અનુભવાય તો શ્રી હરેન્દ્ર ભાણાવત (મો.) ૭૬૦૦૦ ૪૩૯૧૩ નો સંપર્ક કરવો.**

## સ્ટાફ OD એકાઉન્ટ ચાલુ રાખવા અંગે

એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન દ્વારા બેન્ક સાથે થયેલી ચર્ચા અનુસાર તેમજ રફીયા ઓડિટની ક્વેરીની પૂર્તતા કરવા, આરબીઆઈની ગાઈડ લાઈન અનુસાર સમયે સમયે બેન્કની જરૂરિયાત પ્રમાણે ડોક્યુમેન્ટ/પુરાવાઓ રજુ કરવા અંગે સંમતિપત્રક/અન્ડર ટેકીંગ આપવું જરૂરી છે. જે પેન્શનર મિત્રોના સ્ટાફ ઓડી એકાઉન્ટ (કરન્ટ એકાઉન્ટ) હાલમાં ચાલુ હોય તેમણે તે એકાઉન્ટ ચાલુ રાખવા માટે એક અન્ડર ટેકીંગ બેન્કને આપવાનું રહેશે. જે બેન્કના પ્રિન્ટેડ એનેક્ષર ફોર્મેટમાં આપવાનું રહેશે. જે આપની શાખામાંથી તાત્કાલિક મેળવી સબમીટ કરશો.

## સાવધાન

એસબીઆઈ પેન્શનર પરિવારના મિત્રોને સાવધાન કરતાં જણાવવાનું કે અજાણ્યા વ્યક્તિઓ દ્વારા પેન્શનરને (ખાસ કરીને એસબીઆઈના પેન્શનરને) ફોન કરીને પેન્શન ઓર્ડર વિશે માહિતી પૂછે છે અને ઓર્ડર અપડેટ કરવાની સલાહ આપે છે. તે સાથે લાઈફ સર્ટીફીકેટ રીન્યુ કરાવેલ છે કે નહીં તેની ચર્ચા કરે છે. તો પેન્શનર હા કહે તો બેન્કના અધિકારીરૂપે જણાવશે કે તેઓ બેન્કના અધિકૃત વ્યક્તિ છે અને પેન્શન ઓર્ડર એકાઉન્ટમાં અપલોડ કરવા માટે તમારા સહકારની જરૂર છે. જે વ્યક્તિની ડીપી પણ 'સિંહ'ની રાષ્ટ્રિય પ્રતિકૃતિ રૂપે બતાવશે. ઉપરાંત તમામ ફેમિલી વિશે પણ ચર્ચા કરશે. ઘણા પ્રશ્નો એરીયર્સ વિશે પણ હશે ત્યારબાદ તેમના દ્વારા એક લિંક મોકલવામાં આવશે અને ભારપૂર્વક રજુઆત કરશે કે આ લિંક તમે ખોલો. તેઓ મોટે ભાગે '૮૧૧૬૯૯૩૦૪૬' નંબર પરથી વાત કરે છે. **તો આવી વાતચીતમાં ભોળવાઈ જવું નહીં અને સાવધાની રાખવી. જો એમ કરવામાં કસુર કરશો તો આપને આપના ખાતામાં રહેલ રકમ ચપોચપ ઉપડી જવાની શક્યતા છે.**

## ભાવનગર મોડયુલ ખાતે મિટીંગ



એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનના પ્રેસિડેન્ટ શ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી કમાલ કાદરી સાથે વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પી. જી. પારઘી, ભાવનગરના ડીજીએસ શ્રી ભરતભાઈ ભટ્ટ, શ્રી બોરડભાઈ, શ્રી પી. જે. શાહ, શ્રી બી. પી. જાગાણી, શ્રી રાજુભાઈ સરવૈયા વિગેરે ભાવનગર મોડ્યુલના ડીજીએમ શ્રી અજીતકુમાર, સી.એમ. (એચઆર) શ્રી જયેશ વેદ સાથે મીટીંગ યોજાઈ. જેમાં ભાવનગર મોડ્યુલની પેન્શનર્સ એસો.ની ઓફિસ માટે જગ્યા ફાળવવાની ચર્ચા-વિચારણા થઈ. ડીજીએમશ્રી અજીતકુમાર દ્વારા ભાવનગર એડમિન ઓફિસ ખાતે ટૂંક સમયમાં જગ્યા ફાળવવા માટે ખાત્રી આપવામાં આવી. ડીજીએમશ્રી અજીતકુમારના હકારાત્મક અભિગમને બિરદાવવામાં આવ્યો. ઉપરાંત ભાવનગર એડમિન ખાતે ઉપસ્થિત એસબીએસના પેન્શનર્સ મિત્રોના અગ્રિમ પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી.

## ભાવનગર એડમિન ખાતે મંથલી મિટીંગ



એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન, ભાવનગર યુનિટ દ્વારા તા. ૦૬-૦૭-૨૦૨૪ના રોજ ભાવનગર એડમિન, નિલમબાગ ખાતે મંથલી મિટીંગનું આયોજન કરવામાં આવેલ. આ મિટીંગમાં શ્રી ભરતભાઈ ભટ્ટ-ડીજીએસ-ભાવનગર મોડ્યુલ સાથે સર્વશ્રી બી. પી. જાગાણી, આર. જે. સરવૈયા, મનીષ પટેલ (એચ.આર. ડિપાર્ટમેન્ટ, એડમિન ઓફિસ), રમેશ દુસેજા, નરેન્દ્ર જોશી, બી. સી. વિઠ્ઠલપરા અને મોટી સંખ્યામાં પેન્શનર્સ મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા. ઉપસ્થિત તમામે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.



SBIPA -ગાંધીનગર સર્કલના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી દ્વારા ભાવનગર મોડ્યુલના ડે. જનરલ સેક્રેટરી શ્રી ભરત ભટ્ટ અને કમિટી સદસ્ય તરીકે શ્રી બી. સી. વિઠ્ઠલપુરાની વરણી બાબતની જાહેરાત કરવામાં આવી હતી. ડાયસ ઉપર ઉપસ્થિત મહેમાનો દ્વારા શ્રી ભરત ભટ્ટ અને શ્રી બી. સી. વિઠ્ઠલપુરાનું ફૂલોથી સ્વાગત કરી અભિનંદન અને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. ઉપસ્થિત





તમામ પેન્શનર્સ મિત્રોએ હર્ષ અને આનંદની લાગણી વ્યક્ત કરી હતી. પરસ્પર મૈત્રિપૂર્ણ વાતાવરણ સાથે મિટીંગ સંપન્ન થઈ હતી.

## ગૌરવશાળી ક્ષણ



ભાવનગરની વર્ષો જુની સરદારનગર શાખાનું નવા અદ્યતન મકાનમાં સ્થળાંતર થયું અને ત્યાં કામ કરતી થઈ ગઈ. વિધિવત્ ઔપચારિક ઉદ્‌ઘાટન બાકી રાખ્યું. ૨૫મી જૂને સીજીએમ શ્રી હેમંત કરોલિયાસાહેબ ભાવનગરની મુલાકાતે ગયેલા ત્યારે સરદારનગર શાખાના ઉદ્‌ઘાટન માટે વિનંતી કરતાં સીજીએમ સાહેબે તુરંત જ જણાવેલ કે શાખાના કોઈ વરિષ્ઠ સિનિયર સ્ટાફ મેમ્બરના વરદ્‌હસ્તે જ ઉદ્‌ઘાટન કરાવો. જોગાનુજોગ મે-૨૦૨૪માં નિવૃત્ત થયેલા શ્રી મનોજ પંડ્યા ત્યાં હાજર હતા. સ્ટાફ પેન્શનરના વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન થાય તે માટે સીજીએમ સાહેબે આનંદ વ્યક્ત કર્યો અને ઉદ્‌ઘાટન કરવા આગ્રહપૂર્વક જણાવ્યું. સ્ટાફ પેન્શનરો અને નિવૃત્ત અધિકારી/ કર્મચારી સંગઠને સીજીએમ સાહેબના ઉમદા વિચારો, ઔદાર્ય અને સૌજન્ય માટે ગૌરવ અનુભવી અને આભાર વ્યક્ત કર્યો. શ્રી મનોજ પંડ્યા શાખાના નિવૃત્ત કર્મચારી કે જેઓ એક કરોડ રૂપિયાની ડિપોઝીટ મુકવા આવેલા. આમ પેન્શનર્સના હસ્તે ઉદ્‌ઘાટન સંપન્ન થયું હતું. આ શુભ પ્રસંગે જનરલ મેનેજર, ડેપ્યુટી જનરલ મેનેજર, રિજીયોનલ મેનેજર, રિજીયન ઓફિસના સ્ટાફ મેમ્બર, સરદારનગર શાખાના મેનેજર તથા સ્ટાફ અને આમંત્રિત ખાતેદારો ઉપસ્થિત રહ્યાં હતા. આમ  શાખાનું ઉદ્‌ઘાટન પેન્શનર શ્રી મનોજ પંડ્યાના હસ્તે થતાં ઉદ્‌ઘાટનની ક્ષણ એક ગૌરવશાળી અને યાદગાર ક્ષણ બની ગઈ. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન સીજીએમ સાહેબના ઉમદા વિચારો અને સૌજન્યને બિરદાવી અભિનંદન પાઠવે છે.

# રાજકોટ ખાતે હેલ્થ ચેકઅપ કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન




એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન-રાજકોટ મોડ્યુલ દ્વારા પેરેમાઉન્ટ-ટીપીએ અને આનંદ રાઠીના સંયુક્ત ઉપક્રમે પેન્શનર્સ પરિવાર માટે રાજકોટ શહેરની એચસીજી હોસ્પિટલના સહયોગથી વરસાદી વાતાવરણ વચ્ચે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. ૮૦ જેટલા પેન્શનર્સ પરિવારના મિત્રો ઉપસ્થિત રહી બી.પી., ડાયાબિટીસના ટેસ્ટ તેમજ જરૂરી લાગ્યા તેમના સ્થળ ઉપર ઈસીજી ટેસ્ટ કરવામાં આવ્યા. હેલ્થ ચેકઅપની સાથે પેન્શનર્સના મેડીકલ બીલ તેમજ અન્ય પ્રશ્નોના નિરાકરણ માટે પેરેમાઉન્ટ ટીપીએ તેમજ આનંદ રાઠીના પ્રતિનિધિ ઉપસ્થિત રહેલ.

હેલ્થ ચેકઅપની મુલાકાતે રિજીયન-૬ના એજીએમ શ્રી ઐયર સાહેબ, SBIOAના ડીજીએસ કોમરેડ પવનભાઈ શર્મા, SBIEUના ડીજીએસ કોમરેડ ચિંતન માંડવીયા, ચીફ મેનેજર (એચઆર) શ્રી આશિષ રંજનજી, બેંકના ડોક્ટર શ્રી ઝાલા સાહેબની સાથે એસબીઆઈપીએ-રાજકોટ મોડ્યુલના ડીજીએસ શ્રી શરદભાઈ દવે, કમિટી સદસ્ય સર્વશ્રી શિરીષભાઈ કચ્છી, જીતુભાઈ ગણાત્રા તેમજ શ્રી અનુપમભાઈ દોશી તથા શ્રી કે. સી. પંડ્યા ઉપસ્થિત રહ્યાં હતા. વરસાદી વાતાવરણ વચ્ચે હેલ્થ ચેકઅપ તથા પેન્શનરોના પ્રશ્નોના નિરાકરણ માટેનો કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.





# અમદાવાદની ખ્યાતનામ હોસ્પિટલના આંગણે યોજાયો હેલ્થ અવેરનેસ પ્રોગ્રામ




એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન-અમદાવાદ દ્વારા પેન્શનર્સ પરિવારના મિત્રો માટે મેરિંગો સીમ્સ હોસ્પિટલ અને પેરેમાઉન્ટ ટીપીએના સંયુકત ઉપક્રમે તા. ૧૦-૦૭-૨૦૨૪ના રોજ ૩ થી ૫ વાગ્યા દરમિયાન મેરિંગો સીમ્સ હોસ્પિટલ, સોલા, અમદાવાદના ઓડિટોરીયમમાં અમદાવાદના નામાંકીત કાર્ડિયોલોજીસ્ટ ડોક્ટર તેજસ પટેલ, ડોક્ટર કંદર્પ પરીખ Endourogist-Robotic Surgery અને ડોક્ટર ચિરાગ સોલંકી Consultant Neuro Sugeon દ્વારા હેલ્થ અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન, ગાંધીનગર સર્કલના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પી. જી. પારઘી, જોઈન્ટ જનરલ સેક્રેટરી શ્રી કાન્તીલાલ પરમાર, ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી શ્રી કે. વી. શાહ, ડીજીએસ શ્રી મુકેશ દવે, ટ્રેઝરર શ્રી રવિ સોલંકી, કમિટી સદસ્ય સર્વશ્રી સુભાષ પટેલ, જિકેશ પટેલ, એ. કે. બથવાર, અંબરીશ હાથી, આર.ક્રિષ્નમૂર્તિ, દિનાઝબેન, મધુભાઈ સોલંકી (મહેસાણા) તેમજ આનંદ રાઠીમાં શ્રી કૃપાલ ભટ્ટ, શ્રી પાર્થ પંડ્યા અને પેરેમાઉન્ટ ટીપીએમાંથીશ્રી જિકેશભાઈની સાથે મોટી સંખ્યામાં પેન્શનર્સ મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા.




સૌ પ્રથમ કાર્ડિયોલોજીસ્ટ ડો. તેજસ પટેલ દ્વારા હૃદયની રચના તેની કામગીરી, કઈ રીતે હાર્ટએટેક આવે છે તેની સાથે હૃદય અને અન્ય રોગોથી બચવા કઈ બાબતોને જીવનમાં અપનાવવી જોઈએ. એટલે કે હેલ્થી લાઈફ સ્ટાઈલની વાત કરી હતી. વધુમાં તેમણે નિયમિત રીતે એક્સરસાઈઝ, યોગ-પ્રાણાયામ અને હેલ્થી ડાયટ વિશે વિસ્તૃત માહિતી રજુ કરી હતી. પ્રેન્ટેશનના અંતે તેમણે ઉપસ્થિત પેન્શનરોના પ્રશ્નો બાબતે સંતોષકારક જવાબ આપ્યા હતા.



ડો. કંદર્પ પરીખ (યુરોલોજીસ્ટ) દ્વારા પ્રોસ્ટેટ કેન્સર બાબતમાં પોતાનું પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતું. પ્રોસ્ટેટને લગતી બિમારીઓ માટે લોકોમાં પ્રવર્તતી ખોટી માન્યતાઓ બાબતે સ્પષ્ટતાઓ કરી હતી. પ્રોસ્ટેટની પુરૂષોના શરીરમાં કામગીરી અંગે વિવિધ ઉદાહરણો દ્વારા સમજાવ્યું હતું. ખાસ કરીને ૫૦ વર્ષની ઉંમર પછી દર બે વર્ષે PSA રિપોર્ટ કરાવવો અનિવાર્ય છે. એમ જણાવી કહ્યું કે જેનાથી પોસ્ટેટને લગતા રોગોની જાણકારી મેળવી શકાય છે. આમ સુંદર અને સરળ ભાષામાં પ્રેઝન્ટેશન દ્વારા પ્રોસ્ટેટ બાબતમાં જાણકારી આપી હતી.




ડો. ચિરાગ સોલંકી Consultant Neuro Sugeon દ્વારા પાર્કિસન્સના રોગ માટે સવિસ્તાર રજુઆત કરી હતી. હાથ-પગ અને શરીરમાં કાર્યકરતી વખતે અને સામાન્ય

સંજોગોમાં થતી ધ્રુજારીના પ્રકાર જણાવ્યા હતા. મગજમાં થતી ક્રિયાઓ અને તેના દ્વારા શરીરમાં થતાં ફેરફારો, ધ્રુજારીનો દવાઓ દ્વારા પણ ઈલાજ શક્ય છે અને ક્યાં સંજોગોમાં અને કેવા પ્રકારના ઓપરેશનની જરૂરિયાત ઉભી થાય તેની ઉંડાણમાં સમજણ આપી હતી. ખૂબ જ સરળ ભાષામાં સ્ક્રિન ઉપર ચિત્રો દ્વારા પાર્કિસન્સ બાબતે માહિતી આપી હતી. અંતમાં ઉપસ્થિત પેન્શનરોના સાથે પ્રશ્નોત્તરી અને જવાબો સાથે સંવાદ કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મેરિંગો સીમ્સ હોસ્પિટલના માર્કેટીંગ મેનેજર શ્રી જિજ્ઞેશ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન બેઠક વ્યવસ્થાથી લઈને કાર્યક્રમ પૂરો થયો ત્યાં સુધીમાં દરેક બાબતમાં શ્રી મિલન પ્રજાપતિએ અગત્યની ભૂમિકા નિભાવીને સંપૂર્ણ સહયોગ આપ્યો હતો. એસબીઆઈ પેન્શનર્સ એસો.ના જનરલ સેક્રેટરી શ્રી કમાલભાઈ કાદરી અને ટીમ દ્વારા ડો. તેજસ પટેલ, ડો. કંદર્પ પરીખ, ડો. ચિરાગ સોલંકી વગેરેએ પોતાનો કિંમતી સમય ફાળવી પેન્શનરોને ખૂબ જ અગત્યની માહિતી પ્રદાન કરવા બદલ પુષ્પગુચ્છ અને મોમેન્ટો દ્વારા તેઓનું અભિવાદન કરવામાં આવ્યું. હોલની કેપેસીટી કરતાં વધુ પેન્શનર્સ મિત્રોની હાજરીએ આયોજકોને ઉત્સાહિત કર્યા.

કાર્યક્રમના અંતે હળવા નાસ્તા સાથે કાર્યક્રમ સંપન્ન થયો. સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ 'ફેસ બુક લાઈવ' દ્વારા કરવામાં આવ્યું.

## પોરબંદર ખાતે હેલ્થ અવેરનેસ પ્રોગ્રામ



એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન-રાજકોટ મોડ્યુલ દ્વારા એસબીઆઈ રિજીયોનલ ઓફિસ-પોરબંદરના સહયોગથી પેન્શનર્સ પરિવારના મિત્રો માટે હેલ્થ અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. રાજકોટની અર્હમ હોસ્પિટલના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોક્ટર કૌશલ શેઠ સાહેબ દ્વારા ડાયાબિટીસ, થાઈરોડ, મેદસ્વીતા જેવા રોગો માટે જરૂરી માર્ગદર્શન દ્વારા પ્રેઝન્ટેશન રજુ કરેલ. ડોક્ટર શેઠ સાહેબે દરેક રોગો ઉપર વિસ્તૃત જાણકારી આપી હતી અને રોગોથી બચવા માટે માર્ગદર્શન આપી પેન્શનરો દ્વારા રજુ કરેલ પ્રશ્નોના સાદી અને સરળ ભાષામાં જવાબ આપ્યા હતા. આ પ્રસંગે મુરબ્બીશ્રી અમુભાઈ થાનકી, રિજીયન ઓફિસના પ્રતિનિધિ શ્રી ભાર્ગવભાઈ ઉપસ્થિત રહ્યાં હતા. એસબીઆઈપીએના રાજકોટ મોડ્યુલના ડીજીએસ શ્રી શરદભાઈ દવે અને તેમની ટીમના પ્રયત્નોથી મિટીંગને સફળતા મળી હતી. પોરબંદરના કમિટી મેમ્બર શ્રી મહેન્દ્રભાઈ લાખાણીએ મિટીંગનું સંકલન-સંચાલન કરેલ. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પેન્શનર્સ મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા. પોરબંદર અને આસપાસના વિસ્તારમાં સુપર સ્પેશ્યાલીસ્ટ ડોક્ટર નહીં હોવાથી એસબીઆઈપીએની ટીમના આ સેવા કાર્યને વડીલ વર્ગે અભિનંદન આપી આનંદ વ્યક્ત કર્યો હતો.

## પેન્શનર્સ પ્રકાશ બાબતે...

SBIPA દ્વારા તમામ પેન્શનરોને નિયમિત પણે 'પેન્શનર્સ પ્રકાશ' મોકલવામાં આવે છે એમ છતાં પણ ઘણા સભ્યોને પોસ્ટ ઓફિસ દ્વારા ડિલીવરી કરવામાં આવતી નથી એવી ફરિયાદ મળે છે. આ બાબતે આપે આપના વિસ્તારની લાગુ પડતી પોસ્ટ ઓફિસમાં સંપર્ક સાધી લેખિત ફરિયાદ આપવી. વધુમાં પેન્શનર્સ પ્રકાશ દરેક પેન્શનરોના ઈ-મેઈલ તેમજ વોટ્સ અપમાં મોકલવામાં આવે છે. અમારો ઉદ્દેશ દરેક મિત્રો સુધી પેન્શનર્સ પ્રકાશ પહોંચે તેવો છે. આથી આ બાબતને ધ્યાનમાં લઈ સહકાર આપવા વિનંતી.

# નમ્ર અપીલ

મિત્રો આપ સૌ સારી રીતે જાણો છો કે આપણા પેન્શનર્સ મિત્રોને પેન્શન વધારા પેટે બે પ્રકારે ફાયદા થયેલ છે અને આ બાબતે કાયદાકીય ખર્ચને પહોંચી વળવા ઉપરાંત ભવિષ્યની કોર્ટ કાર્યવાહીને ધ્યાને રાખી અને એસબીઆઈ પેન્શનર્સ ફેડરેશનને મોકલવાના થતાં ફાળાને લક્ષમાં લઈ નીચે જણાવેલ રકમ પેન્શનર્સ એસોસિએશનને 'ડોનેશન' પેટે મોકલી આપવા વિનંતી. અગાઉની અમારી અપીલને આપનો પ્રતિસાદ ઘણો જ સારો છે એમ છતાં થોડીક સ્પષ્ટતા કરવી જરૂરી જણાય છે. જે નીચે મુજબ છે.

ડોનેશન : ૧) "એક્ષગ્રેસીયા" દર મહિને આપના ખાતામાં જમા થાય છે જે પેન્શન સ્લીપમાં છેલ્લે દર્શાવેલ છે તે 'એક મહિના'નો વધારો પેન્શનર એસોસિએશનને આપવા વિનંતી.

ડોનેશન : ૨) ૪૦% થી ૫૦%ના વધારા બાબતે : આ વધારો માત્ર સ્કેલ-II અને ઉપરના મિત્રોને જ મળવા પાત્ર છે. જે મિત્રોને રિટાયર્ડ થતી વખતે પેન્શન ચૂકવણીમાં ઉપરની લીમીટ હતી, જેના કારણે ૫૦% પેન્શન મળતું ન હતું તે આપણા મિત્રો અને ફેડરેશનની કાયદાકીય લડાઈથી ૧૦મી નવેમ્બર, ૨૦૨૩થી મળવાનું ચાલુ થઈ ગયેલ છે.

ઉપરોક્ત કાયદાકીય લડાઈમાં આર્થિક ખર્ચ ઘણો જ થયેલ હોઈ અને ફેડરેશનને મોકલવાનો થતો હોઈ જે મિત્રોને ૪૦ થી ૫૦ ટકા પેન્શન વધારાનો લાભ મળેલ છે. તેઓને મળેલ "એક માસના" વધારાને ડોનેશન માટે આપને પેન્શનર્સ એસોસીએશન અપીલ કરે છે. આ અંગે મિત્રોને વ્યક્તિગત પત્રો મોકલેલ છે છતાં જોઈ કોઈને આ પત્ર ન મળ્યો હોય તો આ અપીલને ધ્યાને લઈ આપનું ડોનેશન જમા કરાવવા વિનંતી. જે મિત્રો પેન્શનર્સ એશો.ના સભ્યો નથી તેઓને પણ ડોનેશન આપવા વિનંતી કરવામાં આવે છે. અને 'સંઘે શક્તિ'ના અનુસંધાને એસબીઆઈપીએના સભ્ય થઈ જવાની પણ અપીલ કરવામાં આવે છે. આપણા એસોસિએશનનો ખાતા નંબર નીચે પ્રમાણે છે. ઓનલાઈન જમા કરાવતી વખતે આપનો પી.એફ. નંબર ખાસ લખવા વિનંતી કરવામાં આવે છે.

તા.ક. : ફેમિલી પેન્શનર્સ મેળવતા મિત્રો તેમજ જે મિત્રો સબસ્ટાફમાંથી રિટાયર્ડ થયેલ છે તેમને ડોનેશનમાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

Name : SBI Pensioners Association Account No. : 30855862333
Branch Name: AHMEDABAD MAIN BRANCH, AHMEDABAD (00301)
Branch IFSC Code: SBIN0000301

PF No. : Name : MOBILE No. :

---


Ramji Desai

Gurukripa Astrology



- Jyotish
- Tarot Card-Pranic Healing
- Vastu Expert
- Yoga Consulting
- Numerology

Lal Kitab Expert
&
Nadi Jyotish

Please Contact or Meet for Your Love, Marraige, Relationship,
Land Dispute and Career, Foreign Study & Settlement Problem

Also Contact for Mutual Fund Investment

5, Adhyadhakti Society,Opp. Rajshree Tower,
Jodhpur, Satellite, Ahmedabad-380015

Contact on : 75330 01166 • 76000 96676


Eye-care Hospital
ફ્રી
આંખની
તપાસ
SBI, eSBI ના પેન્શનર્સ તથા
તેમના કુટુંબીજનો માટે
(અદ્યતન સાધનો દ્વારા આંખની સોનોગ્રાફી સહીત)
PATIENT SAFETY & QUALITY OF CARE
N.A.B.H
PRE ACCREDITED
• Cataract
• Cornea
• Lasik
• Retina
• Glaucoma
• Oculoplasty
આઈ-કેર હોસ્પિટલના નિષ્ણાંત સર્જન
ડૉ. શશાંક રાઠોડ
ડૉ. આંશી રાઠોડ
સમય: સવારે 9:00 થી 12:00,
બપોરે 3:00 થી સાંજે 6:00 વાગ્યા સુધી
Eye-care Hospital
પોલીટેકનીક રોડ,
કેતવ પેટ્રોલ પંપની પાછળ,
અમદાવાદ- ૩૮૦૦૧૫
૯૮૨૪૦૮૬૬૧૧
૦૭૯-૨૬૪૪૬૧૩૩
www.eyecarehospital.org
www.eyecarelasikcentre.com

## E-Circular No.: NBG/PBU/LIMA-TD/27/2023 - 24 Date: Sat 16 Dec 2023

## TERM DEPOSIT IN JOINT NAMES WITH MODE OF OPERATION "EITHER OR SURVIVOR" OR "FORMER OR SURVIVOR"

### MODIFIED MANDATE FORM

Different scenarios are being presented below for payment of Term Deposit Accounts held in **joint names** under mode of operation '**Either or Survivor or Former or Survivor**", where **Mandate form has not been obtained**, for the guidance of operating functionaries:

**I. TDR in joint name under mode of operation 'Either or Survivor':**

**(A) Payment on maturity:** a) Payment can be made to **either** of the depositors **on maturity**. b) If one of the depositors **expires**, payment can be made to **the survivor on maturity**.

**(B) Payment before maturity:** a) Signatures of **both** the depositors have to be obtained. b) If one of the depositors expires, **no pre-payment may be allowed without the concurrence of the legal heirs** of the deceased joint holders.

**II. TDR in joint name under mode of operation 'Former or Survivor':**

**(A) Payment on maturity:** a) the **'Former' alone** can operate/ withdraw the amount, when both the depositors are alive. b) if Former expires, payment can be made to **survivor on maturity**.

**(B) Payment before maturity:** a) Signatures of **both** the depositors have to be obtained. c) If one of the depositors expires, **no pre-payment may be allowed without the concurrence of the legal heirs** of the deceased joint holders.

**4. USE OF MODIFIED MANDATE FORM:**

RBI, vide Circular no DBOD No. Leg. 37/ 09.07.005/ 2012-13 dated 16.08.2012 clarified as under:

"The joint deposit holders may be permitted to give the mandate either at the time of placing the fixed deposit or anytime subsequently during the term/tenure of the deposit.

**If such a mandate is obtained, banks can allow premature withdrawal of term/fixed deposits by the surviving depositor without seeking the concurrence of the legal heirs of the deceased joint depositors**. It is also reiterated that such premature withdrawal would not attract any penal charge."

Please refer to our e-Circular no-NBG/PBBU/LIMA-TD/21/2011-12 dated 19.11.2011 vide which 'Modified Either or Survivor' Form was prescribed, for before maturity payment of proceeds of term deposit held jointly under mode of operation 'E OR S / F OR S' to one of depositors, provided the Modified Either-or Survivor Form is obtained duly signed by both the depositors. Either or Survivor Form has been revisited / revised and enclosed as Annexure -I to this circular. In accordance with the RBI directions, "the joint deposit holders need to give the mandate on this form either at the time of placing the fixed deposit or anytime subsequently during the term/tenure of the deposit."

**If the mandate of both the depositors has been obtained on the prescribed form (Annexure-I), before maturity payment of Term Deposits to the surviving depositor is permitted without seeking the concurrence of the legal heirs of the deceased depositor**.

The modified mandate has also been incorporated in the **Common Deposit Account Opening Form (Para D(5))**, vide e Circular no NBG/PBU/LIMA-SB/ 23/ 2023-24 dated 04.10.2023.

The modified mandate can also be recorded in CBS system. The path is given hereunder:

***Deposit/CC/OD Accounts & Services > Amend ( Screen No. 7050) - Input Account No. and under Option select B. Mode of Operation.***

On transmit, select **Option 16 E or S WDL by Survivor**, if account is opened with mode of operation 'Either or Survivor' and depositors have opted for modified mandate in Deposit Account Opening Form or has signed Modified Mandate Form. Similarly, select **Option 17 F or S WDL by Survivor**, if account is opened with mode of operation 'Former or Survivor' and depositors have opted for modified mandate in Deposit Account Opening Form or has signed Modified Mandate Form. Please bring the contents of this Circular to the knowledge of operating functionaries and give wide publicity of the facility.

## DIGITAL AWARENESS

આજના Technology ના જમાનામાં આપણે સૌ Smart Phone વાપરવા ટેવાઈ ગયા છીએ ત્યારે આપણે આપણી જાતને સવાલ પૂછવો જોઇએ કે –

(૧) Mobile Phone, Smart Phone છે પણ આપણે Smart છીએ ?

(૨) આપણે Mobile Phone વાપરીએ છીએ કે Phone આપણને વાપરે છે ?

(૩) Social Media Friends, Real Friends છે ? શું જરુરિયાતનાં /કટોકટીના સમયે આમાંથી કોઇપણ Friends આપણને મદદરુપ થાય છે ?

(૪) Mobile Phone વાપરવા માટે Digital Etiquette જાણવી જરુરી છે, Mobile Phone વાપરવા માટે Screen Time Fix કરો. નવરાશનો સમય મિત્રો અને Family Member સાથે ગાળો, દિવસમાં અમૂક કલાક E ઉપવાસ રાખો, એટલે કે ૨,૩,૪ કે ૫ કલાક મોબાઇલનો ઉપયોગ કરવો નહિં.

(૫) Family Photo, Function Photo અને Travelling Details, Tourist Place નાં Photos Social Media પર Upload કરો નહિં, Social Media પર તમે જે કંઇ પણ Upload કરો કે બીજા સાથે Share કરો, તે Public Domain પર available થઇ જાય અને કોઇપણ તેનો દુરુપયોગ કરી શકે.

(૬) Senior Citizen પાસે સમય અને પૈસા, બધું જ છે તેથી Fraud કરનારનાં Easy Target થઇ જાય છે.

## ACCOUNT સંબંધી - DO'S & DON'T's

(૧) તમારી જરૂરિયાત પ્રમાણે Sarings Bank Account માં Minimum Balance રાખો. Surplus / વધારાનાં રૂપિયા બેંક માં TDR રાખો અને ધ્યાન રાખો કે TDR Accounts Branch માં જઇને જ ખોલાવો. તમારી કટોકટીના સમયે રૂપિયાની જરુરત માટે ફક્ત એક TDR Online લઇ રાખો. જેથી તમે એનો ઉપયોગ કરી શકો.

(૨) તમારા Accounts માં તમારો Mobile No. Register કરાવો જેથી તમોને transaction ની માહિતી મળતી રહે.

(૩) Yono/Yono Lite/Internet Banking નો ઉપયોગ કર્યા પછી Logout જરૂરથી કરવું.

(૪) KYC Documents, જેવા કે Aadhar Card, Pan Card, Pension ID Card, Passport, Election Card અને Cheque Book ના પાનાં અજાણ્યા વ્યક્તિ સાથે આપ-લે ન કરો. Zerox Copy કઢાવો ત્યારે ધ્યાન રાખો કે એ વધારે Copy કાઢીને, એની પાસે ન રાખે.

(૫) તમારો Account બીજી કોઇ વ્યક્તિને પૈસાની લેવડદેવડ કરવા માટે ઉપયોગ ન કરવા દો.

(૬) તમારો Phone Call ચાલુ હોય ત્યારે Mobile માં કોઇપણ Financial Transaction ન કરો.

(૭) Financial Transaction કરવા માટે ક્યારેય પણ Cyber Café અથવા Public Terminal કે Public/Free/Offer - Wifi નો ઉપયોગ કરશો નહીં.

## DEBIT/CREDIT- DO'S & DON'T's

(૧) PIN પાસવર્ડ, કાર્ડ નં. CVV ફક્ત તમને જ ખબર હોવી જોઇએ. કોઇપણ વ્યક્તિ કે સંસ્થા સાથે Share ન કરો. અથવા તો ડાયરી કે mobile phoneમાં પણ save ન કરો.

(૨) Card ની details e-commerce site, laptop desktop કે mobile / tablet માં save ન કરો.

(૩) તમારી સગવડ અને જરુરિયાત પ્રમાણે Two factor authentication નો ઉપયોગ કરો.

(૪) Debit / Credit Card માં જરુરિયાત જેટલાં જ transaction ચાલુ રાખો. e-commerce અથવા POS કે International transaction ની જરુર ન હોયતો બંધ કરી દો અને Card usage. માં જ Limit fix કરી દો. Atm withdrawal માં પણ તમે Limit set કરી શકો છે. બાકી બીજા features તમો deactivate કરી દો.

(૫) કાર્ડ તમો જાતે જ swap કરો અથવા તમારી હાજરીમાં swap કરવા દો.

(૬) ATM / POS machine / e-commerce પર PIN enter કરતાં પહેલાં amount correct છે કે નહીં તે Check કરો.

(૭) ATM માં Cash out હોય કે Cash બહાર ન આવે તો Cancel" બટન દબાવો અને Home Screen આવે પછી જ ATM Cabin ની બહાર નીકળો.

(૮) SMS/e-mail માં Link આવી હોય તે Click ન કરો અને Delete કરી દો.

(૯) Public / free WIFI પર e-mail Open ન કરો.

## PASSWORD - DO'S & DON'T's

(૧) પાસવર્ડ નિયમિત અંતરે બદલતા રહો અને ફોનમાં Save ન કરો.

(૨) INB/Yono અને e-mail નો પાસવર્ડ એકસરખો ન રાખો. Mobile PIN અને UPI PIN એકસરખો ન રાખો. Public/Free Device પર Virtual Keyoard નો ઉપયોગ કરો.

(૩) ATM અને POS Machine પર Password Enter કરતી વખતે Keyboard એક હાથથી ઢાંકેલું રાખો.

(૪) હંમેશા યાદ રાખો કે જ્યારે આપણને કોઇ રુપિયા આપણાં Account માં જમા કરાવે, ત્યારે આપણો પાસવર્ડ/PIN આપવાની જરુર નથી. QR Code પણ Scan કરવાની જરુર નથી.

**WEBSITE - DO'S & DON'T's**

(૧) બીનજરૂરી Application કે Sofware મોબાઇલમાં Download ન કરો. Playstore પરથી જ Download કરો. App Downoad કરતી વખતે Permission જે જરૂરી હોય તે જ આપો. આપણે સૌ મોટેભાગે Click કરીને Application શરૂ કરીએ છીએ, ત્યારે આ એક Blanket Permission આપી દઇએ છીએ, જેથી આપણાં ફોનમાં રહેલા Data જેવા કે Contact, Photo, Files વગેરે કોઇપણ જોઇ શકે છે.

(૨) Website હંમેશા Check કરો અને ધ્યાન રાખો કે https://-Url અને Padlock નો Symbol હોય. અજાણી Website Open કરવી નહિં.

(૩) Bank/Financial Institute ની Official Website નો ઉપયોગ કરો. Search માં જઇને Website Open કરવી નહિં.

**WEBSITE - DO'S & DON'T's**

(૪) અજાણી /શંકાસ્પદ Website પર આપણાં અગત્યનાં Data, Share કે Upload કરવા નહિં. Free Data/Lottery Tickets/Gifts ની લાલચમાં આવીને Click કરવું નહિં. આ દુનિયામાં કોઇપણ વસ્તુ Free નથી, તે હંમેશા યાદ રાખો.

(૫) Tax Refund ની Link આવે તો Click કરવી નહિં. Refund હોય તો આપણાં Account માં Check કરી લેવું.

(૬) Search Engine માંથી કોઇપણ Bank કે સંસ્થાનો Customer Care નંબર શોધવો નહિં. Official Website નો ઉપયોગ કરવો.

(૭) હંમેશા યાદ રાખો કે Customer Care No. કોઇપણ દિવસ Mobile No. હોતો નથી.

(૮) Social Media પર Unknown Video કે Friend Request Accept કરવી નહિં. કોઇ વ્યક્તિ Financial Assistance માંગે તો Click કરશો નહિં.

(૯) KYC Renewal/Dr. Cr. Card/Account Renewal/Sim Card Renewal/ કે Verification માટે Sms/E-mail/Link આવે તો Click કરશો નહિં.

(૧૦) જ્યારે જરુર ન હોય ત્યારે Bluetooth અને Net Connection બંધ રાખો.

(૧૧) Electricity Bill Payment Updation પર Click કરશો નહીં.

(૧૨) Cash On Delivery - Unknown Parcel લેશો નહિ અને Courier Application Download કરાવીને OTP માંગે, તે કરશો નહીં.

(૧૩) Public Place માં Mobile Charge કરશો નહિં. છતાં પણ જરુર પડે તો Mobile Switch Off કરીને Charge કરશો, તો Mobile Date Secure રહેશે.

(૧૪) Remote Sharing ની Request Accept કરશો નહિં.

# OUR MISSION

ECOMAN is committed to giving a better Earth to future generations. Due to global warming, the climate is warming every year. All icebergs and glaciers are melting rapidly. Climate change is accelerating because of population growth, deforestation, and the use of plastic in industrial and municipal waste, emissions of harmful gases, and the depletion of natural water resources.

Need for Solutions • Save Trees • Save Water • Eliminate Plastic & Gases

Let's Go Green

Tree planting is one of the most effective ways to slow down, prevent, or counter global warming.

Seed Balls :-A seed ball is an innovative and cost-effective method for rapid reforestation, encapsulating seeds in a mixture of nutrient-rich soil and compost. These seed balls boast an impressive 80% germination rate, ensuring lush, green growth.

**Trees per person :**




DEAR SUN.
PLEASE GO TO SETTING>
DISPLAY>BRIGHTNEESS!
AND REDUCE IT... TOO HOT
TO HANDLE!!



I have Not Changed any settings..
Please Go To Your Settings And..

1. INCREASE NUMBER OF TREES
2. REDUCE CARBON EMISSIONS LEVELS
3. REDUCE CONCRETE JUNGLES
4. INCREASE NUMBER OF LAKES

Basically Switch To Human Mode From Auto Mode ...


## WARNING !! IN INDIA : 28 TREES

Our Duty

During holidays or whenever you travel, carry seed balls of neem fruit (nimboli), mango, blackberries, pumpkin, sunflower, or similar varieties. Scatter them in areas you care about. When the rains come, these seed balls will burst into life, transforming the landscape into vibrant forests. Trees will secure the future of our planet.

India needs at least 500 crores of trees. With a vibrant population of 140 crores, planting five trees each would yield an astounding 700 crores of trees, far exceeding our goal. The innovative use of seed balls shows remarkable success, boasting an impressive 80 percent growth rate

Courtesy By :- Arya


અરિહંત ઓર્થોપેડિક હોસ્પિટલ અને
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સેન્ટર
PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
CERTIFIED
DR.TEJAS GANDHI
M.S. Ortho (Goldmedalist)
Senior Joint Replacement Surgeon
PIONEER IN M.I.C.R.O KNEE SURGERY
Fellowship: SGH Hospital,Singapore
Oxford University,U.K.
(૧૫૦૦૦ થી પણ વધુ ઘૂંટણ તથા
થાપાના ઑપરેશનનો બહોળો અનુભવ)
૨૦ વર્ષના બહોળા
અનુભવ સાથે આધુનિક
ટેકનોલોજી નો સમન્વય
પ્રીમીયમ સાંધા
ટાઇટેનિયમ સાંધા
ઓક્સિનિયમ સાંધા
ગોલ્ડન સાંધા
(સબવાસ્ટસ એપ્રોચ જેમા સ્નાયુ કાપ્યા
વગર ઓપરેશન કરવામાં આવે.)
ROBOTIC JOINT
REPLACEMENT
DIRECTOR & H.O.D
Care and Cure
Multi-speciality Hospital
Maninagar
Khyati
Multispeciality
Hospital
Opp. Rajpath Club Road/S.G.Highway
SBI, ESBI PENSIONER'S
and SPOUSE માટે સંપૂર્ણ
કેશલેસ સુવધિા ઉપલબ્ધ.
ફ્રિ Consultation
ફ્રિ X-Ray
વધુ માહિતી માટે સંપર્ક કરો
અમીત પટેલ (૮૨૩૮૧ ૩૬૧૯૦ / ૭૫૭૨૯ ૩૬૧૯૦)
ઉપનિષદ કોમ્પલેક્ષ, શ્રધ્ધા હીરો શોરૂમની ઉપર, શ્રેયસ ફલાય ઓવરબ્રિજની નીચે,
માણેકબાગ, આંબાવાડી, અમદાવાદ(૩૮૦૦૧૫)



સ્નાયુ ને કાપ્યા વગર (SubVastus) ની ટેકનિક ના ફાયદા
▶ દુઃખાવો નહીવત
▶ કસરતો સરળ અને દુઃખાવા રહિત
▶ ઓપરેશન ના દિવસે જ ચાલી શકાય
WITH OVER
25+ Years
EXPERIENCE
ડો. હેમાંગ બી. અંબાણી
એમ.બી. એમ.એસ
સીનિયર જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન
ફેલો એટલાન્ટા,ઈન્ડિયાના પોલીસ યુ.એસ.એ.
વુઝબર્ગ–જર્મની,બ્રેસિયા–ઈટાલી
MORE THAN
10,000 + SURGERIES
ડો. અમીર સંઘવી
જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન
ફેલો ઓસ્ટ્રેલીયા, યુ.એસ.એ, યુ.કે
ડો. ચિરાગ પટેલ
જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન
ફેલો ઓસ્ટ્રેલીયા સીડની
ડો. અતીત શર્મા
જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન
ફેલો બેલ્જીયમ, સીંગપુર, જર્મની, યુ.એસ.એ
SHIVAM HOSPITAL (SINCE 1996)
Shree Orthocare
Strength in togetherness
KD Hospital
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ
E-mail : hemang.ambani@gmail.com
Website : www.hemangambani.com | www.shivamhospitalinfo.com | www.shreeorthocare.com
For Appointment Call Now - 9428595302 | 9428595303

Registered under RNI No. GUJBIL/2007/29606.
"Registrered under Postal Registration No. GAMC-1658/2021-2023 valid upto X31st December-2023 issued by the SSPO's, Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO, on 26th of every month."
Licensed to Post Wihout Prepayment No. PMG/NG/053/2021-23 valid upto 31/12/2023



## ડો. પ્રતાપ દેસાઈ આઈ હોસ્પીટલ

| ડો. પ્રતાપ દેસાઈ | ડો. હેમાક્ષી પી. દેસાઈ | ડો. સુરોહી શાહ |
|---|---|---|
| M.S. (ઓપ્થોલમોલોજી) | M.S. (ઓપ્થોલમોલોજી) | M.S. (ઓપ્થોલમોલોજી) |

રિટાયર્ડ સિનિયર મેડીકલ ઓફીસર, SBI, LHO, અમદાવાદ.

હવે નવા સરનામા ઉપર
અત્યાધુનિક સુવિધા સાથે
જુનો વિશ્વાસ

ક્લિનિકઃ ૨૦૧/૨૦૨, ક્ષિતીજ આર્ય, આઈઓસી પેટ્રોલ પંપ પાસે, ગોલ્ડન ટ્રાયેન્ગલ સામે, સ્ટેડીયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

મળવાનો સમય : સવારે ૯.૩૦ થી ૦૧.૦૦ તથા સાંજે ૪.૦૦ થી ૭.૦૦ એપોઈન્ટમેન્ટ : (મો) ૯૩૧૬૫૬૫૧૫૦, ૦૭૯-૨૬૫૬૪૫૪૭

ચશ્માના નંબર લેજરથી ઉતારવા માટે : ક્લિયરવ્યુ લેસર સેન્ટર, સ્ટેડિયમ પ્લાઝા, યોગેશ ખમણ પાસે, સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ ● સમય : સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ ● ફોન : ૭૯૪૮૪૬૦૨૦૨, ૯૭૨૫૪૪૭૩૭૩

ડો. પ્રતાપ દેસાઈ પણ SBIના જ પેન્શનર્સ છે. જેમણે અવિરત છેલ્લા ૩૨ વર્ષથી SBI પરિવાર માટે સિનિયર મેડિકલ ઓફિસર તરીકે નિ:સ્વાર્થ સેવાઓ આપેલ છે.

ડો. દેસાઈની આઈ હોસ્પિટલ પેરેમાઉન્ટ ટીપીએ, એસબીઆઈ જનરલ ઈન્સ્યોરન્સ સાથે પ્રિમિયમ કેટેગરીમાં જોડાયેલ છે.
(PPN Hospital Networkના રેટ્સ અમારી સર્જરી માટે લાગુ પડતા નથી) SBI અને e-SBI પેન્શનર્સ અને તેમના સ્પાઉઝને નિ:શુલ્ક કન્સલ્ટેશન

● એસબીઆઈ એમ્પ્લોઈઝ માટે ખાસ ●
સુવિધા કેસલેશ જેવી, લેન્સ ઉચ્ચતર ગુણવત્તાવાળો, કેસલેસ ક્લેઈમમાં લિમિટ હોવાથી લેન્સની ગુણવત્તામાં લિમિટ આવતી હોય છે. Reimbursementમાં કેસલેસની વધુ સુવિધાઓ

**મંથલી મિટીંગ :** ઓગષ્ટ માસની મંથલી મિટીંગ તા. ૨૧-૦૮-૨૦૨૪ના રોજ બુધવારે બપોરે ૩.૩૦ કલાકે, ત્રીજો માળ, સ્ટાફ કેન્ટીન, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, ઝોનલ ઓફિસ, આંબાવાડી, અમદાવાદ ખાતે યોજવામાં આવશે. અમદાવાદના તમામ પેન્શનરોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ છે. આ મિટીંગ એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન દ્વારા ફેસબુક ઉપર લાઈવ કરવામાં આવશે.

સભ્યો માટે સંપર્ક સ્થળ : એસબીઆઈ ઝોનલ ઓફિસ
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ (સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૬ સુધી)
e-mail: gujpension@gmail.com ● whatsapp no. 99982 65158 આ વોટ્સએપ નંબર ઉપર માત્ર મેસેજ કરવો કોલ કરવો નહિં.
President - R. N. Choksi : 7600978838 (Vadodara) General Sec. - Kamal Kadri: 9825578619

The Views expressed in the articles/write ups in the magazine are not necessarily those of the Association / Editorial Board. Readers will please refer to the concerned writers / Authors as to the authenticity of facts/ figures.

The advertisement in the magazine are only commercial ones and don't confer any assurances/ recommnedations from the part of the Association and its office-bearers/ Editorial Board members. Readers may make any transactions with them only after their independent enquiries.

**પેન્શનર્સ પ્રકાશ ● વર્ષ - ૧૭ ● અંક : ૭ ● પ્રકાશન તા. ૨૬-૭-૨૦૨૪**

**Printed & Published by :** Kamal Kadri on behalf of State Bank of India Pensioners' Association & **Printed at : Print Vision,** Near Central Bank of India, Ambawadi Bazar, Ahmedabad-380006.
**Published from:** SBI Zonal Office, 3rd Floor, C.N. Vidhayalay, Ambavadi, Ahmedabad-380015

**Editor : Kamal Kadri** **Editorial Board : R. N. Choksi, Smt. Lalitha Iyer, Kantilal Parmar, Chintak Patel**

If undelivered please return to :
● પ્રકાશન સ્થળ ●
**એસબીઆઈ ઝોનલ ઓફિસ**
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫